।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૪૩૫ ફેબ્રુઆરી - ૨૦૨૨ રૂા. ૫/૦૦

## ૧૪૦ પોથીઓ સાથે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવં શ્રી નારાયણયાગ સંપન્ન - માંડવી



## શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિરનો ૨૨મો અને સ્થાપનાનો ૭૭મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો - નાઈરોબી






## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કંપાલા યુગાંડાનો ૨૪મો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો





## દારેસલામ મંદિરનો ૬૩મો વાર્ષિક પાટોત્સવ ઉત્સાહ પૂર્વક ઉજવાયો - ટાન્ઝાનિયા









।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક


# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ।।


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૭ કુલ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૦ અંક-૭ ફેબ્રુઆરી-૨૦૨૨
વર્ષ : ૩૮ - સળંગ અંક-૪૩૫

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ, શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીન: ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith


## અનુક્રમણિકા


| | |
|---|---|
| – તંત્રીની કલમે | ૪ |
| – આદર્શ શૈક્ષણિક કેન્દ્ર – ગુરુકુળની અદ્વિતીય પરંપરા | ૫ |
| – શિક્ષાપત્રી | ૭ |
| – મહા શિવરાત્રી | ૯ |
| – મુક્તાત્મા શ્રી મુક્તાનંદ સ્વામી | ૧૦ |
| – વસંત પંચમી (મહા સુદ પાંચમ) | ૧૨ |
| – સાક્ષાત્ બ્રહ્મચર્યની મૂર્તિ રાજબાઈ | ૧૪ |
| – તમે પાપનો બાપ જોયો છો? | ૧૫ |
| – શિક્ષાપત્રી જયંતી | ૧૬ |
| – ધ્વજા | ૧૮ |
| – પ્રેમાનંદ સ્વામીનું આખ્યાન | ૧૯ |
| – સંત્સગ સમાચાર-દેશ | ૨૩ |
| – સંત્સગ સમાચાર-વિદેશ | ૩૧ |
| – શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૩૩ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

# તંત્રીની કલમે



## સાધૂનાં દર્શનં પુણ્યં તીર્થભૂતીઃ હી સાધવઃ ।
## કાલેન ફલતિ તીર્થં સદ્યઃ સાધુસમાગમઃ ॥

સંતોના દર્શન માત્રથી પુણ્ય પ્રાપ્ત થાય છે. કારણ કે સંત પુરુષો સાક્ષાત્ તીર્થરૂપ હોય છે. તીર્થયાત્રા કરનારને પણ યોગ્ય સમય આવે ત્યારે જ ફળ મળે છે. જ્યારે સંત સમાગમથી તાત્કાલિક લાભ થાય છે.

આપણે સૌ ધનુર્માસ દરમ્યાન કીર્તન ધૂન ભજન કથા વાર્તા ભક્તિભાવ સત્સંગ કરીને સંતોનો સમાગમે કર્યા. ભક્તિ અને સત્સંગની દૃઢતા જીવનમાં લાવી શકયા. ધનુર્માસ ઉજવણી રંગે ચંગે કરીને આપણે સૌએ ધન્યતા અનુભવી. આપણા સંપ્રદાયમાં ધનુર્માસ તથા કડકડતી ઠંડીમાં માઘસ્નાનનું મહાત્મ્ય અનેરું છે. પ્રભુના ચરણમાં માથું નમાવી સંત સમાગમ કરી આપણું જીવન ઉર્ધ્વગામી બનાવવાની અનેરી તક આપણને સાંપડે છે.

“દુર્લભં ભારતે જન્મ” ભારત ભૂમિમાં જન્મ મળવો દુર્લભ છે. ભારતની ભવ્ય અને દિવ્ય પરંપરા તથા અમૂલ્ય સાંસ્કૃતિક વારસાના આપણે સૌ વારસદાર છીએ. આ દિવ્ય પરંપરા તથા વારસાની ઈમારત પર ધૂળના થર ન જામી જાય તેની દિવાલોમાં તિરાડ ન પડે તેનું સૌંદર્ય ખંડિત ન થાય તે જોવાની આપણી સૌની સવિશેષ જવાબદારી રહેલી છે.

વિશ્વમાં ભારત દેશ એવો છે જેની પાસે જીવન તરફ જોવાની અલૌકિક દૃષ્ટિ છે. જીવનને માંગલ્ય તરફ લઈ જવાની અજોડ ગુરુચાવી ભારત પાસે છે. આપણા ઋષિઓએ તથા સંત મહાત્માઓએ નિર્માણ કરેલી અને ટકાવેલી આપણી સાંસ્કૃતિક પરંપરાના દર્શન કરીને આપણે આપણી જાતને ગૌરવશાલી અનુભવી શકીએ તેમ છીએ. આપણા દેશની ઋષિ સંસ્કૃતિ પાસે સત્, ચિત્, આનંદની અનુભૂતિ કરાવી શકવાની ક્ષમતા છે.

પરંતુ આધુનિક ભૌતિકવાદના કાળમાં જીવન તરફ જોવાની ભાવદૃષ્ટિ નહીંવત રહી છે. આપણી સંસ્કૃતિની અસ્મિતાને જો ટકાવવી હશે તો આપણા પરંપરાના અમૂલ્ય ખજાનાને સાચવવો પડશે. આપણા રોજબરોજના જીવનમાં વણાઈ ગયેલા આપણા ઉત્સવો, પ્રતિકો અને તેની પાછળ રહેલી દીર્ઘદૃષ્ટિને લોકોને સમજાવી ટકાવવાનું ભગીરથ કાર્ય આપણે સૌએ કરવું પડશે. જીવનમાં ઉત્સાહ અને ઉમંગ ભરી જીવન ફળદાયી સભર બનાવવું પડશે.

તાજેતરમાં આપણે આપણો રાષ્ટ્રિયપર્વ પ્રજાત્તાક દિનની ઉજવણી કરી તે દિવસે આપણે સૌએ ભારતની લોકશાહી તથા ભારતનાં પવિત્ર બંધારણને ટકાવી રાખવાની પ્રતિજ્ઞા લીધી, અને દેશનું સુચારુ સંચાલન થાય તે માટે માર્ગદર્શક સિદ્ધાંતો, નિયમો બંધારણમાં છે.

પરંતુ આપણું રોજબરોજનું જીવન સુચાર ચાલે તે માટે શું ? તે માટે પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને દિશા સૂચન કરેલ છે. ભગવાને મહાસુદ પાંચમ, વસંત પંચમીના શુભ દિને આપણું અમૂલ્ય સતશાસ્ત્ર શિક્ષાપત્રી સ્વહસ્તે લખેલી છે અને અમૂલ્ય ભેટ આપેલ છે. તેના નિયમો અને આજ્ઞા પ્રમાણે રહેનારો વર્ગ લોક અને પરલોકને વિષે મહાસુખને પામે છે. શિક્ષાપત્રી એ જીવન જીવવાની જડીબુટ્ટી છે. તેનું વાંચન મનન અને આચરણ જીવનમાં આત્મસાત્ કરીને જીવન ધન્ય બનાવીએ ....

જય શ્રી સ્વામિનારાયણ...!

# આદર્શ શૈક્ષણિક કેન્દ્ર - ગુરુકુળની અદ્વિતીય પરંપરા

શિક્ષણની સાથે માનવ જીવનનું ઉત્તમ મૂલ્યનું જ્ઞાન આપવામાં આવે તેને જ સાચી વિદ્યા કહેવાય.જેમ બાળકના જીવનની શરૂઆત ઘરથી થાય છે તેમ માનવ જીવનની શરૂઆત વિદ્યાથી થાય છે. વિદ્યાલયોના ઘણા પ્રકારો હોય છે. કોઈક વિદ્યાલય માત્ર અક્ષર જ્ઞાન શીખવે છે, તો કેટલીક ભૌતિક વિદ્યા શીખવે છે. પરંતુ આ સૌની મધ્યે અક્ષર જ્ઞાન અને ભૌતિક વિદ્યાની સાથો સાથ આધ્યાત્મિક વિદ્યા અને માનવ સંસ્કાર સાથે ઉત્તમ મૂલ્યનું જ્ઞાન આપનાર જો કોઈ ઉત્તમ કેન્દ્ર હોય તો ગુરુકુળ છે. ગુરુકુળ પ્રાચીન અને અર્વાચીન યુગને જોડતું શૈક્ષણિક કેન્દ્ર છે. વર્તમાન યુગમાં અનેકણ વિદ્યાલયો ખુલ્લી મૂકવામાં આવી રહ્યાં છે તેમાં અત્યાધુનિક સુવિધાઓ પણ હોય છે. પરંતુ તેમાં માનવ જીવનના ઉત્તમ સંસ્કાર અને મૂલ્યોને આપવા માટેની કડી ખૂટતી અનુભવાય છે. ત્યારે ગહન ચિંતન કરીને આપણા ઋષિમુનિઓએ પ્રાચીન કાળમાં જે ગુરુકુળ પરંપરાની સ્થાપના કરી હતી તેને સ્વીકારવું અતિ જરૂરી છે. આજે ફરી એ પરંપરા જોવા મળી રહી છે. ગુરુકુળ દ્વારા આપવામાં આવતું શિક્ષણ ભારતીય પ્રાચીન સંસ્કૃતિની વિશિષ્ટતા છે. પ્રાચીન કાળમાં આપણા ઋષિઓ નગરોથી દૂર નૈસર્ગિક વાતાવરણમાં પર્ણકુટીર બાંધી આધ્યાત્મિક સાધના કરતા હતા. પરંતુ પ્રજા માટે સદા શુભ ચિંતક બની તેમના ભૌતિક અને આધ્યાત્મિક વિકાસ માટે સદા ચિન્તિત હતા. वयं वनौकसाः अपितु लौकिकज्ञाः । અમે ભલે વનમાં રહીએ છીએ પરંતુ લૌકિક જ્ઞાન ધરાવીએ છીએ અર્થાત્ સામાન્ય પ્રજાને પણ ભૌતિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે શેની જરૂરિયાત છે તેનું પણ સદાય ખ્યાલ રાખનારા આપણા ઋષિઓ એક સુંદર ગુરુકુળોની પરંપરા ચલાવી જેમાં માનવ જીવનની સાર્થકતા માટે માતૃભકિત, પિતૃભકિત, ગુરુભકિત, દેશભકિત અને ભગવદ્ભકિતના બોધપાઠો શીખવવામાં આવ્યા. નગરોમાંથી હજારોની સંખ્યામાં જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ ઋષિઓના આશ્રમમાં જઈ અંતેવાસી બની વિદ્યા અને કળાઓ શીખતા હતા. તેની સાથે તેમને જીવનના ઉચ્ચ સંસ્કારોનું સિંચન થતું હતું. આવી અદ્ભુત ગુરુકુળની પરંપરા હજારો વર્ષોથી ભારતવર્ષમાં જોવા મળે છે. ભગવાન શ્રી રામ ગુરુ વશિષ્ઠઋષિના આશ્રમમાં રહીને વિદ્યા અને કળા શીખ્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણ પણ ગુરુ સાંદીપનિ ઋષિના આશ્રમમાં રહીને ચૌદ વિદ્યા


## ગૌશાળામાં દાન ભેટ કરવા માટે

- Trust Name : **Swaminarayan Gaushala Trust**
- Saving A/c No.: **380010100038902**
- IFS Code: **BKID0003800**
- Bank Details : **Bank of India, Main Branch, Bhuj-370001**
- દાન આપ્યા પછી તમારું નામ, સરનામું, મો.નંબર તથા પેમેન્ટ સ્ક્રીન શોટ નીચે જણાવેલ ઈ-મેઈલ / વોટસએપ કરવા નમ્ર વિનંતી
- જે દાતાશ્રીઓને ઇન્કમટેક્ષ ની કલમ ૮૦ જી (80G) માં ૫૦% બાદ લેવું હોય તેમણે પોતાનો પાનકાર્ડ નંબર મોકલવા જરૂરી છે
- Email id : kothar@swaminarayan.faith
- Whats App No.: **+91 75676 07000**

અને ચોસઠ કળાઓનો અભ્યાસ કર્યો હતો. પાંડવોએ દ્રોણાચાર્યની પાસે રહીને અભ્યાસ કર્યો હતો. જેણે જેણે ગુરુકુળમાં રહીને અભ્યાસ કર્યો છે તેમના જીવન ચરિત્રો પર દૃષ્ટિ કરીએ તો જણાશે કે તેમનું જીવન માતૃભક્તિ, પિતૃભક્તિ, ગુરુભક્તિ, દેશભક્તિ, ભગવદ્ભક્તિથી પરિપૂર્ણ છે. આવું જીવન જ સાચા અર્થમાં સાર્થક છે. આવી પંચધાભક્તિ ગુરુકુળ શિક્ષણ વિના ક્યાંય મળતી નથી. છાન્દોગ્યોપનિષદમાં ગુરુકુળનું વર્ણન અને મહત્ત્વ જોવા મળે છે. आचार्यकुलाद्वेदमधीत्य गुरोः कर्मातिशेषेण आचार्यकुले। अर्थात् गुरुकुले वसन् शिष्यः गुरोः सेवातिरिक्तकाले वेदमधीयानः धन्यो भवेदित्युच्युते। અર્થાત્ સંસ્કારયુક્ત શિક્ષણ ગુરુના અનુગ્રહ વિના મળતું નથી. તેથી શિષ્ય જિજ્ઞાસુ થઇ ગુરુકુળમાં વિદ્યાભ્યાસ કરે તો જ સાચું શિક્ષણ પ્રાપ્ત કરી શકે. આજના શિક્ષણનો પ્રવાહ માત્ર અક્ષરજ્ઞાન (સાક્ષરતા) પૂરતો મર્યાદિત થતો જાય છે એવું દેખાય છે. પણ વિદ્યાભ્યાસનો હેતુ માત્ર અક્ષરજ્ઞાન નથી. केवलाक्षरग्रहणं वा पुस्तकपठनपाठने वा न विद्यायाः उद्देशः । किन्तु जीवनसंविधानस्य सुविधानस्य वा शिक्षणमेव उद्देशः । અક્ષરજ્ઞાનની સાથે - સાથે માનવ જીવનમાં ઉપરોક્ત પંચધા ભક્તિ, પવિત્રતા અને જીવન સુસંસ્કારી બને જીવનનું ઘડતર થાય એ હેતુથી આપણા ઋષિઓએ ગુરુકુળની સ્થાપના કરી હતી. આવા ગુરુકુળોની પરંપરા અનુસરવા ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ શિક્ષાપત્રીમાં આજ્ઞા આપી છે. प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत्। આવી દિવ્ય આજ્ઞાને અનુસરવા સંપ્રદાયમાં અનેક વિદ્વાન સંતો, ભક્તોએ અથાગ પરિશ્રમ કરીને અનેક ગુરુકુળોની સ્થાપના કરી છે. વર્તમાન સમયે શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સંતો - ભક્તો દ્વારા ભારતના અનેક રાજ્યોમાં ત્રણસોથી વધુ ગુરુકુળો ચાલી રહ્યા છે જેમાં પાંચ લાખથી વધુ વિદ્યાર્થીઓ ભારતીય સનાતન હિન્દુધર્મના સંસ્કારની સાથે અભ્યાસ કરી રહ્યા છે. શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં ગૌરવની વાત એ છે કે ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂજ્ય સંતો દ્વારા ભારતદેશની આઝાદી પહેલાં સંપ્રદાયમાં સૌ પ્રથમ ભુજમાં ગુરુકુળનો પાયો નંખાયો હતો. આજે એ વટ વૃક્ષ બનીને કચ્છના અલગ અલગ વિસ્તારમાં પંદરથી અધિક ગુરુકુળોની સ્થાપના થઇ છે જેમાં ભુજ મંદિરના સંતો અને હરિભક્તોના સાંનિધ્યમાં રહીને કચ્છના તમામ નગરો અને ગ્રામ્યવિસ્તારના બાળકો બાલિકાઓ પંચધાભક્તિ અને ભારતીય સનાતન હિન્દુ સંસ્કારની સાથે આધુનિક શિક્ષણ મેળવી રહ્યા છે.

## વિદેશથી દાન ભેટ મોકલવા માટે

- Trust Name : **Shree Swaminarayan Mandir**
- FCRA Saving A/c No. : **40072927931**
- Branch Code : **00691**
- IFS Code : **SBIN0000691**
- SWIFT Code : **SBININBB104**
- Branch Address : **FCRA Cell, 4th Floor, State Bank of India, New Delhi Main Branch, 11, Sansad Marg, New Delhi-110001**
- Branch E-id : fcra.00691@sbi.co.in
- Mandir E-id : kothar@swaminarayan.faith
- Whats App No.: **+91 75676 07000**

# શિક્ષાપત્રી

શ્લોકઃ ૬૩

**હિંમતભાઈ ઠક્કર - રઘુવંશી**



**ભગવન્મંદિરં સર્વૈઃ સાયં ગન્તવ્યમન્વહમ્ ।**
**નામસંકીર્તનં કાર્યં તત્રોચ્ચૈ રાધિકાપતેઃ ॥**

"સર્વે મારા અશ્રિત હોય તેમણે પ્રતિદિન સાંયકાળે ભગવાનના મંદિરમાં જવું અને મંદિરમાં જઈને રાધિકાના પતિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેમનું ઊંચે સ્વરે કીર્તન કરવું."

ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, પ્રતિદિન સાંયકાલે ભગવાનના મંદિરમાં જઈને નામ કીર્તન કરવું. આમ શ્રીજી મહારાજે કહ્યું, તેનો અર્થ એમ સમજવો નહિ કે પ્રાતઃ કાળમાં ભગવાનના મંદિરમાં જવું જ નહિ. પ્રાતઃ કાળમાં પણ જો સમય મળે તો ભગવાનનાં દર્શન કરવા માટે મંદિરમાં જવું. પરંતુ અહીં સાયંકાળે ભગવાનના મંદિરમાં જવાનો જે શ્રીજી મહારાજે ઉલ્લેખ કરેલ છે. તેનું તાત્પર્ય એ છે કે આખો દિવસ આપણું મન સાંસારિક ગ્રામ્ય વિષયોરૂપી પવનથી હિલોળે ચઢી ગયેલા મનને શાંત કરવાનું સ્થાન ભગવાનનું મંદિર કહેલું છે તથા સાયંકાળે ભગવાનના મંદિરમાં જઈને ભગવાનના દર્શન કરવાથી, ભગવાનનું નામ કીર્તન કરવાથી મનને લાગેલો સાંસારિક થાક તે દૂર થઈ જાય છે. અને મન નિર્વિષયી બની જાય છે. અને મન નિર્વિષયી બની તરોતાજા બની જાય છે. અને વિષયોરૂપી પવનથી મન હિલોળેલું હોય તોયે શાંત બની જાય છે. આવો ભાવ છે.

"સંધ્યા બદલતા સમયનો, દિવ્ય સંધિકાળ છે,
ત્રિકાળ સંધ્યાની ઉત્તમતા, સદાય નિર્વિવાદ છે."

ખેતી, ધંધો-ધાપો, નોકરી, મજૂરી, ઇત્યાદિ સર્વે ક્ષણે ક્ષણે મનને ચલિત-વિચલિત-કુચલિત કરતા જ રહે છે. મનને વિદ્યુત ગતિ કરતાં પણ વધુ ઝડપથી વૈચારિક ગડમથલ, ઉથલ પુથલ, આળ પંપાળમાં જ વ્યસ્ત રહેવાની જન્મજાત ટેવ છે. માનવને સાચા સત્સંગી ઉત્કૃષ્ટ ઈન્સાન અને તેના જીવનો ત્થાન માટે મનનાં આ અણગમતા કારોબારમાંથી શાંતિ, સાત્ત્વિકતા સફાઈ સૌંદર્યતા અને પરમઆનંદ તો પ્રવાહિત સમયની ત્રિકાળ સંધ્યાઓ જ આપી શકે છે. તેમાં પણ સાયં સંધ્યા સર્વોત્તમ છે એમ શ્રીજી મહારાજ સત્સંગીઓને સમજાવી રહ્યા છે.

પ્રભુનામ રટન, ભજન-કીર્તન-ધૂન શા માટે ઊંચે સ્વરે કરવા જરૂરી છે?

"પતંગની ઊંચી ઉડાન, આગવો આનંદ અપાવે,
ગરૂડની ઊંચી ઉડાન, વ્યાપક દૃષ્ટિ અપાવે,
કીર્તનનો ઊંચો અવાજ, પ્રભુના દ્વારે પહોંચાડે."

ભગવાનના મંદિરમાં જઈને ભજન કીર્તન ઊંચા સ્વરે કરવાથી ભકત સત્સંગી તેના જીવનમાં મોક્ષપ્રાપ્તિ તરફ ધસમસતો આગળ વધી શકે છે. શ્રીજી મહારાજનો આ દિવ્ય ઈશારો છે. આપણે સૌ મોકો મળતાં જ અનુસરીએ.

"સતયુગમાં જ્ઞાન તારે,
ત્રેતામાં યજ્ઞયાગાદી પાર ઊતારે,
દ્વાપરમાં પૂજા પાઠ મોક્ષ અપાવે,
કલીમાં ખલો નામ સ્મરણ તારે!"

ભાગવત પુરાણમાં શુકદેવજી રાજા પરીક્ષિતને પ્રબોધે છે કે,

"કલેર્દોષનિધે રાજન્ અસ્તિ હ્કે મહાગુણઃ।
કીર્તનાદેવ કૃષ્ણસ્ય મુકતબંન્ધઃ પરમ વ્રજેત ॥"

આપણે ભાગવત કથા વારંવાર સાંભળી હોવા છતાંય આ શ્લોક આપણી સ્મૃતિમાં નહિ હોય. રાજન! કલીયુગ તો દોષની ખાણ છે. તો પણ કલીયુગમાં જ એક મોટો ગુણ પણ રહ્યો છે કે, કલીયુગમાં ભગવાનનું નામ કીર્તન કરવાથી પણ ભક્ત મોક્ષગતિને પામી જાય છે...!

શ્રીજી મહારાજે આ દિવ્ય સામયિક રહસ્ય તેમના સૌ ભક્તોને શિક્ષાપત્રી દ્વારા પુનઃસ્મરણ કરાવ્યો છે.

ભજન કીર્તનમાં લય - તાલ હૃદયનો દિવ્ય સ્પર્શને પ્રભુ સાથે જ તેમના નામ સ્મરણ અને ગુણગાનથી ઊભરતો અવાજ "અમૃતસ્ય શ્રવણમ્" બની જાય છે.

"વૈચારિક ઊંચાઈ વ્યક્તિત્ત્વ વધારે,
વ્યાવહારિક ઊંચાઈ ખ્યાતિ વધારે,
વર્તણુંક ઊંચાઈ સંબંધો વધારે,
સ્વર ઊંચાઈ પ્રભુ મિલન કરાવે !"

વિષ્ણુ પુરાણ પણ પ્રબોધે છે કે,

"ધ્યાયન્ કૃતેયજન્ યજ્ઞે સ્ત્રેતાયાં દ્વાપરે અર્ચતન્।
યદાપ્નોતિ તદાપ્નોતિ કલૌ સંકીર્ત્ય કેશવમ્ ॥"

સતયુગમાં ધ્યાન કરવાથી મનુષ્ય જે ગતિને પામે છે, ત્રેતાયુગમાં યજ્ઞો કરવાથી મનુષ્ય જે ગતિને પામે છે, દ્વાપર યુગમાં ભગવાનની પૂજા કરવાથી મનુષ્ય જે ગતિને પામે છે, એ ને એ જ ગતિને કલીયુગમાં કેવળ નામ કીર્તન કરવાથી જ મનુષ્ય પ્રાપ્ત કરી શકે છે. અર્થાત ટૂંકમાં કલીયુગમાં ભગવાનનું નામ કીર્તન એ જ સર્વોત્તમ સાધન છે.


વિષ્ણુ ધર્મોત્તરમાં પઁણ કહેલું છે કે - જે પુરુષ પ્રતિદિન શ્રીહરિ, શ્રીકૃષ્ણ, શ્રીકેશવ, શ્રી સ્વામિનારાયણ આવાં નામોનું મંત્રનાં સ્વામીની સાથે સાથે સ્મરણ કરવાથી અને એકાગ્ર ચિત્તે ઉચ્ચાર કરવાથી એ પુરુષને કલી કયારેય પણ બાધ પમાડી શકાતો નથી.

વળી ગરૂડ પુરણમાં પણ કહેલું છે કે, જે પુરુષ સાવધાન થઈને, એકજ મુર્હૂત પર્યંત ભગવાનનું નામ નામી ના પૂર્ણ સ્મરણ સાથે કરે છે. તે પુરુષ પણ મોક્ષ સિદ્ધિને પામી જાય છે. તો પછી, હ્મેશાં આજીવન સતત ઓળગોળ થઈને ભગવાનનાં નામોનું ઊચ્ચારણ કરતો હોય એ મોક્ષગતિને પામે એમાં તો કહેવું જ શું. એ તો પામે જ.

આપણા વિચારો, હાલોચાલો, રોજીંદો, જીવન વ્યવહાર આચારો, વ્યવહારો વાણી ભાવનાઓ, કલ્પનાઓ ઈત્યાદિ સર્વે શાસ્ત્રોક્ત અને શાસ્ત્રોક્ત પ્રેરિત હોવા જોઈએ જેથી મંદિરની રોજીંદી આવન જાવન સદ્‌ગુરુના ચરણ સ્પર્શ અને મૂર્તિના અખંડ દર્શન સૌ ફલિત થાય જ.

ભગવાનનું નામ લઈને આધ્યાત્મિક મનોવિજ્ઞાનના સિદ્ધાંતો જે અત્રે શાસ્ત્રોક્ત પણે શ્રીજી મહારાજ સમજાવી ગયા છે તે પ્રમાણે સંપૂર્ણ જીવન જીવી જઈને છેલ્લાં પાંચસો વર્ષોમાં ગુજરાતના પરમોચ્ચ ભક્ત. નરસિંહ મહેતા અને રાજસ્થાનના મહારાણી મીરાબાઈએ આપણે બુદ્ધિગમ્યતાથી જાણી, માણી સમજી શકીએ એવું દિવ્ય જીવન જીવીને ખુદ ભગવાનને જ તેમની સાથે સાથે સંપૂર્ણ આધ્યાત્મિક જીવન માટે તરસતાને તલસતા હરિભક્તો માટે દિવ્ય ઉદારણાત્મક જીવન જીવી બતાવી જીવંત ઈતિહાસ સજર્યો છે. બસ એમના જીવન, કવન ને વર્તનને આપણી સમક્ષ રાખી આપણા મનો કોમ્પ્યૂટર પરજ આપણા જીવનને સરખાવી આપણે જ્યાં પહોંચ્યા છીએ ત્યાંથી વધુ આગળ વધવાની પ્રેરણાને માર્ગદર્શનતો અવશ્ય લઈજ શકીએ.

"ખુદ હી કો કર બુલંદ ઈતના,
કિ હર તકદીર સે પહેલે,
હ્મારી અંતરાત્માં હ્મે બતાદે કિ,
આજસે હ્મે આગે કૈસે જીના હૈ....!"



# મહા શિવરાત્રી

મહા વદ ચૌદશ મહાશિવરાત્રી કે અંધારી ચૌદશ શિવજીની અતિપ્રિય રાત્રિ છે.

શિવરાત્રીના આ ઉત્સવમાં ઉપવાસ, પૂજન, અને જાગરણનું વિશેષ મહત્ત્વ છે.

વચનામૃત લોયા પ્રકરણ-૧માં શ્રીજી મહારાજ શિવજીને આ રીતે અંજલિ આપે છે : અમે શિવજીને માનીએ છીએ તેનું કારણ શિવજી તો ત્યાગી છે ને ભગવાનના મોટા ભક્ત છે.

ભગવાન સ્વામિનારાયણે પોતાને પૂજ્ય પાંચ દેવોમાં ત્રણ તો શિવ પરિવારના છે : શિવ-પાર્વતી-ગણપતિ.

મહાશિવરાત્રિના દિવસે ભારતભરમાં બીલીપત્ર ચડાવીને શિવજીનું પૂજન કરવામાં આવે છે. સાથે સાથે ઉપવાસ પણ કરવામાં આવે છે.

શિવપુરાણમાં શિવરાત્રીની ઉજવવાની રીતનું વિસ્તૃત વર્ણન છે : આ દિવસે ગુજરાતમાં ગિરનારની તળેટીમાં ખૂબ મોટો મેળો ભરાય છે. સૌ શિવપૂજન કરે છે. સંન્યાસીઓના દર્શન કરે છે.

આ દિવસે શિવજીનું પૂજન કરી કુશળ કરવાની શ્રીજી મહારાજે આજ્ઞા આપી છે. (શક્કરિયા, બટાકા વગેરે)

હિન્દુ તત્ત્વજ્ઞાનમાં ત્રિમૂર્તિ - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનો સ્વીકાર છે. તેમાં વિષ્ણુ પાલક, બ્રહ્મા સર્જક અને શંકરને સૃષ્ટિના સંહારક માનવામાં આવે છે.

શંકરનું સ્વરૂપ સૌમ્ય છે, અને ભયંકર પણ છે. અંગ પર ભભૂત લગાવનાર, ત્રિનેત્ર, ગંગાને જટામાં ધારણ કરનાર, ત્રિશૂળ-ડમરું અને વ્યાઘ્ર ચર્મ ધારણ કરનાર, નંદીશ્વર જેમનું વાહન છે એવા, કૈલાસ નિવાસી, સ્મશાન નિવાસી ભૂતપ્રેતના આરાધ્ય દેવ, પાર્વતી પતિ, ભોળાનાથ, આસુતોષ વગેરે ઉપમાઓથી રુદ્રસંહિતા, શિવપુરાણમાં શંકરનો મહિમા ગવાયો છે.

શિવજીનું આદિ નિવાસ સ્થાન મેરુ પર્વત છે અને તપસ્યા સ્થાન મૂંજવત્ શિખર અને કૈલાસ પર્વત છે. તેમના પત્ની પાર્વતી છે. અને બે પુત્રો છે : ગણેશ અને કાર્તિકેય.

મૂંજવત્ પર્વત પર રહેલા દેવ, ગાંધર્વ, અપ્સરા, દેવર્ષિ, યાતુધાન, રાક્ષસો, કુબેર તથા ભૂતપ્રેતાદિકને રુદ્રગણ કહેવામાં આવે છે.

દક્ષપુત્રી સતી સાથે વિવાહ વેળાએ દક્ષ પ્રજાપતિએ શંકરને નંદીશ્વર નામે વૃષભ ભેટ આપ્યો હતો. તેથી શંકર વૃષભ ધ્વજ તરીકે પણ ઓળખાય છે.

શંકરનું એક નામ ત્ર્યંબક કે ત્રિનેત્ર છે.ત્રણ આંખ એટલે સોમ, સૂર્ય અને અનલ(અગ્નિ). દક્ષના યજ્ઞમાં શિવજીનું અપમાન થવાથી સતીએ યજ્ઞકુંડમાં આત્મઆહુતિ આપી. બીજા જન્મે તે પાર્વતી થયાં. શંકરને પ્રાપ્ત કરવા તેમણે ઘોર તપ આરંભ્યું. શિવજીને તો લગ્નની ઈચ્છા જ નહોતી. તેઓ સમાધિમાં બેસી ગયા.

આ તરફ તારકાસુર નામના અસુરે ત્રિલોકીમાં સૌને ત્રસ્ત કરી મૂકેલા. બ્રહ્માએ તેને વરદાન આપેલું કે તારો વધ શિવજીના ઓરસ(કાયદેસર) સંતાન જ કરી શકશે પરંતુ શિવજી તો સમાધિમાં હતા. દેવતાઓએ તેમને જાગૃત કરવા કામદેવને મોકલ્યા. કામદેવના આવવાથી શિવજીનું ધ્યાન ભંગ થયું. તેમણે ત્રીજું નેત્ર ખોલ્યું અને કામદેવને બાળીને ભસ્મ કરી દીધો. ત્યારથી કામદેવ ‘અનંગ’ કહેવાયા.

પાર્વતીજીનું તપ કામદહનથી સફળ થયું. તેમની તપસ્યા અને એક નિષ્ઠાથી પ્રસન્ન થઈ શિવજીએ તેમનું પાણિગ્રહણ કર્યું. તેમના દ્વારા કાર્તિકેયનો જન્મ થયો. જેણે તારકાસુરનો વધ કર્યો.

પાર્વતીજીની ભક્તિથી પ્રસન્ન થઈને શિવજીએ પાર્વતીને પોતાના શરીરમાં અર્ધું સ્થાન આપ્યું. તેથી તેઓ અર્ધનારીશ્વર કહેવાયા.

તારકાસુરના સંહાર બાદ તેના ત્રણ પુત્રો, તારાક્ષ, કમલાક્ષ અને વિદ્યન્માલિએ ઉગ્ર તપ કર્યું. બ્રહ્માએ પ્રસન્ન થઈ ત્રણેય માટે ત્રણ ઉડતી નગરી બનાવવા મયદાનવને આજ્ઞા કરી. મયદાનવે સુવર્ણ, રજત અને લોઢાની ત્રણ ઉડતી નગરી ત્રિપુર બનાવ્યા.

ત્રિપુરના અધિપતિ બનેલા આ ત્રણ પુત્રો જ્યાં ત્યાં આ પુરોને ઉતારી આતંક સર્જતા. શિવજી આગળ સૌ શરણમાં આવ્યા. શિવજીએ સૌ પ્રથમ પોતાની ભૂતપ્રેતની સેંકડોની સેના મોકલી. જેનાથી ત્રિપુરના ત્રણ રાક્ષસોનો ઘોર પરાજય થયો. પરંતુ ત્રણેય ભાઈ શિવપૂજા કરતા અને ધર્મિષ્ઠ હતા. તેથી તેમનો નાશ અશક્ય હતો.

તેમને ધર્મભ્રષ્ટ કરવા માટે શિવજીએ એક કર્મવાદી મૂંડીયાનું સર્જન કર્યું. તેણે ત્રણે દાનવોના મનમાંથી સ્વર્ગ-નરકની માન્યતા ભૂંસી નાંખી. યજ્ઞોને ખોટા ઠેરાવ્યા. સ્ત્રીઓના પ્રતિવ્રતાપણાની ટેક ખોટી બતાવી. આ કારણે ત્રણેય ખૂબ અધર્મ આચરવા લાગ્યા. જેથી તેઓ સામર્થ્યહીન થઈ ગયા. અંતે જ્યારે ત્રણે નગરો એક સાથે ભેગા થયા કે તરત શિવજીએ ધનુષ્યમાંથી બાણ છોડીને ત્રણેય નગરોને ભસ્મભૂત કરી દીધા.

આ યુદ્ધ કરતા શિવજીને પરસેવો ખૂબ થયો. અને પરસેવા બુંદ જમીન પર પડ્યા તેના 'રુદ્રાક્ષ' થયા. આ યુધ્ધમાં 'પશુપતિ' તરીકે દેવોએ તેમની સ્થાપના કરી. ત્યારથી તેઓ પશુપતિનાથ કહેવાયા.ત્રણ પુરોને ભસ્મ કરવાને કારણે તેઓ ત્રિપુરારિ કહેવાયા. એ દિવસ કાર્તિક પૂર્ણિમાનો હતો. તેથી તેને ત્રિપુરારિ પૂર્ણિમા પણ કહે છે.

---

# મુક્તાત્મા શ્રી મુક્તાનંદ સ્વામી

- મહાદેવ ધોરિયાણી, અમદાવાદ

ગતાંકથી ચાલુ.......

"હું એક વખત કાશી જવા નીકળ્યો હતો. માર્ગમાં મે કૂવાને કાંઠે પાણી ભરતી પનિહારીને ઉજ્જૈનનો માર્ગ પૂછયો. એ સ્વરૂપવાન અને દેદીપ્યમાન દેવાંશી બાઈએ પોતાનો લાંબો હાથ કરીને મને રસ્તો બતાવ્યો. તે ગોરા સુડોળ હાથનો અનુપમ લટકો અને તેણે પહેરેલ કંગનનો રણકાર આજે ચાલીસ વર્ષ થયાં છતાં હૃદયમાંથી ખસ્યો નથી, ત્યાં તું અષ્ટાંગ બ્રહ્મચર્યની વાત કરે છે!"

કલ્યાણદાસ પાસેથી નિરાશાભર્યો જવાબ સાંભળી મુકુંદદાસની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. તેમને થયું કે સત્ય, અહિંસા અને બ્રહ્મચર્યયુક્ત જીવન જીવે તે જ સાચા અર્થમાં માનવ ગણાય.

બગબગું થઈ ગયું છે. અવનીને આંગણેથી અંધારાં વિદાય લઈ રહ્યાં છે. ઉષાનાં અજવાળાં ધરતી ઉપર પથરાવવાની તૈયારીમાં છે, ત્યારે આત્મહત્યા કરી જીવનદીપ બુઝાવવાના દૃઢ વિચારથી મુકુંદદાસ આગળ વધે છે. માર્ગમાં આંબલીનું વૃક્ષ જુએ છે. નીચે પાણીનું નહેરું વહી રહ્યું છે. આંબલી પર ચડી નીચે પડતું મૂકી આપઘાત કરવા વિચારે છે.

એકાએક એમના અંતરના શબ્દોએ આકાર પકડયો અને આકાશવાણી થઈ.

'આત્મહત્યા એ પાપ છે. સરધારમાં જા તને પરમ કૃપાળુ પરમાત્માનું સાંનિધ્ય સાંપડશે....'

અંતરિક્ષના શબ્દમાં અડગ શ્રદ્ધા રાખી તેઓ સરધાર જાય છે, ઉદ્ધવ અવતાર ગણાતા સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીનો સત્સંગ થાય છે.

મુકુંદદાસે મરજીવાનો માર્ગ પકડયો:

"મરજીવાને મારગે જન કોઈ જાય રે,
પહેલું પરઠે મોતને મુક્તાફળ લાધે રે."

આ રીતે ઘણી શોધને અંતે મુકુંદદાસને મુક્તાફળ મળ્યું. સ્વામી રામાનંદનો મેળાપ થતાં હૈયું ઠર્યું, સાધુની દીક્ષા આપવા વિનંતી કરી.

સંસારથી અતિ વિરકત એવા આ મુકુંદદાસની આકરી કસોટી કરે છે, સ્વામીએ ભક્તરાજ મુળુભાઈનું હળ હાંકવા આજ્ઞા કરી તેઓ પ્રેમથી હળ હાંકે છે, પરંતુ આ કામમાં તેમની અણઆવડત  જોઈને મુળુભા કહે છે, સ્વામી! આ તો ભગવાન ભજવા જ આવ્યા છે, માટે આ કામમાંથી તેમને મુકત કરો.

તેમણે સ્વામીને કહ્યું, "ખેતર ખેડવો કે મજૂરી કરાવો અથવા શૂળી ઉપર ચઢાવો તોયે મંજૂર છે. સાધુનો સંગ છોડવો નથી."

'શૂળી ઉપર શયન કરાવે તો યે,
સાધુના સંગે રહીએ રે.'

ત્યાગની તીવ્રતા નિહાળી રામાનંદ સ્વામીએ કહ્યું 'ઘેર જઈ પત્નીની રજાચિઠ્ઠી લઈ આવો પછી દીક્ષા આપું.'

મુકુંદદાસ ઘેર જાય છે અને ગાંડપણ આદરે છે, કારણ કે સંસારના ભંગારની ભીંસમાં ભીંસાવું નથી. છટકબારી શોધી ગાંડાનો વેશ ભજવવા માંડયો. તેમણે જાણી જોઈને ગાંડાની જેમ – 'રામ ગટાગટ મહુડી ફૂલો' એ સૂત્રની ધૂન મચાવી મોટેથી ગામ ગજવવા માંડયું. આથી માતા-પિતાએ અને પત્નીએ કંટાળીને તેમને ના છૂટકે રજા આપી.

સંવત ૧૮૪૨ની વસંતપંચમીએ તેમને ભાગવતી દીક્ષા આપી. તે દિવસથી મુકુંદદાસ ભાગવતી ધર્મધારી મુક્તાત્મા શ્રી મુક્તાનંદ બન્યા. તેમની ત્યાગ- વૈરાગ્યની ભાવના અતિ ઉચ્ચ હતી. તેમની સાધુતાને લીધે રામાનંદ સ્વામીના શિષ્યમંડળના તેમની અગ્રગણ્ય સંત તરીકે ગણના થતી.

ત્યારબાદ કચ્છમાં સંસ્કૃતનો અભ્યાસ કરી આવી, માંગરોળ પાસેના 'લોએજ' (લોજ) ગામમાં રહેવા લાગ્યા.

અહીં મુક્તાનંદ સ્વામી અને નીલકંઠ વર્ણીનું શુભ મિલન થાય છે. રામાનંદ સ્વામી નીલકંઠ વર્ણીને ભાગવતી દીક્ષા આપે છે અને "સહજાનંદ" નામ ધારણ કરવાનું કહી ધર્મધુરા સોંપે છે. મારું જીવનકાર્ય હવે પૂરું થાય છે. એમ કહીને ગુરુવર્યે ધોરાજી નજીક  ફેરણી ગામે દેહ ત્યાગ કર્યો.

મુક્તાનંદ સ્વામી સહિત સર્વેને સહજાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવા ગુરુએ ભલામણ કરી હતી. તેમણે તદ્દન નવા આવેલા, નાની વયના એક તરુણ બ્રહ્મચારીને સંપ્રદાયની ગાદીએ બેસાડયા છતાં વિરોધનો જરા સરખો સૂર પણ ન કાઢે એ જેવી તેવી વાત નહોતી. મુક્તાનંદ સ્વામીના જીવન સમર્પણનો પ્રસ્તુત પ્રસંગ સંપ્રદાયના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયો છે. ભક્તિ ઘેલા આ મહાન કવિએ શ્રીજી મહારાજ વિશે હજારો પદો રચ્યાં છે. સંપ્રદાયનું તત્ત્વજ્ઞાન સભર 'વચનામૃત' ગ્રંથના સંપાદક તરીકે એમનું પ્રદાન ઉલ્લેખનીય છે. તેમની બે કૃતિઓ 'સતી ગીતા' અને 'ઉદ્ધવ ગીતા' નોંધપાત્ર છે. તેમનાં કીર્તનો શાંત, સ્વસ્થ, શૈલીબદ્ધ કાવ્યધારા વહેવડાવે છે. સંપ્રદાયમાં જ્ઞાનપ્રધાન ઉત્તમ કવિ તરીકે તેમની ગણના થાય છે. તેમણે સંસ્કૃતમાં છ અને ગુજરાતીમાં કીર્તન સંગ્રહ સહિત ૨૩ ગ્રંથોનું પ્રદાન કર્યું છે.

ક્રમશ:




વસંત પંચમીનું સ્થાન હિન્દુ સંસ્કૃતિમાં વિશિષ્ટ છે. સૂર્ય જ્યારે મીન રાશિમાં પ્રવેશી વૃષભ રાશિમાં પ્રવેશ કરે ત્યાં સુધીનો સમયકાળ વસંતનો ગણાય છે.

વસંતપંચમી પછી ૪૦ દિવસે વસંતની શરૂઆત થાય છે પરંતુ પ્રત્યેક ઋતુનો ગર્ભકાળ ૪૦ દિવસનો ગણાય છે. એટલે આ દિવસથી વસંતનો મહિમા પ્રસરવા લાગે છે.

ભારતીય તારીખમાં ૬ ઋતુઓનું ચક્ર હોય છે. ૧. હેમંત, ૨. શિશિર, ૩. ગ્રીષ્મ, ૪. વર્ષા, ૫. શરદ, ૬. વસંત, આ ૬એ ઋતુમાં વસંતને “ઋતુરાજ”ની ઉપમાં આપવામાં આવી છે. આ ઋતુમાં જે આહ્‌લાદકતા અને પ્રકૃતિનો દમામ જોવા મળે છે. તેઓ અન્ય ઋતુમાં જોવા મળતો નથી.

શ્રીજી મહારાજ પણ વસંતનો ઉત્સવ રંગભેર ઉજવતા. બ્રહ્માનંદ સ્વામી અને દેવાનંદ સ્વામીએ વસંતના અનેક પદોની રચના કરી છે.

વસંત ઋતુ આવી મારા વહાલા,
રંગભેર ફાગ રમાડો..

શ્રીજી મહારાજ સંતો-હરિભક્તો સાથે આ વસંતનો ઉત્સવ ઉમંગભેર ઉજવતા. સુવર્ણકળશમાં રંગ અને આંબાના તળ મહોરને ભરીને લાવતા. શ્રીહરિ એ કુંભનું પૂજન કરતા. ખજૂર, કોપરું, સાકર વગેરેમાં પ્રસાદ વહેંચતા. ત્યારબાદ કુંભમાં ભરેલો રંગ શ્રીહરિ સૌ પર છાંટતા.

‘વસંત’નો અર્થ છે, “ચરમ ઉત્કર્ષનો કાળ” વસંતપંચમી આ વસંતનો ઉત્કૃષ્ટને ચરમ તિથિ છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ તિથિ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તેમાં ત્રણ કારણ છે.

૧. શિક્ષાપત્રી જયંતી : ગાગરમાં સાગર સમાન ૩૫૦ શાસ્ત્રોના સાર સમી શિક્ષાપત્રી આ દિવસે શ્રીહરિએ લોકાર્પણ કરી.

૨. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી જયંતી : સંવત ૧૮૨૨ના વસંતપંચમીના રોજ જામનગર જિલ્લાના લભપુર ગામે નિષ્કુળાનંદ સ્વામીનો લાલજી સુતાર તરીકે જન્મ થયો.

સંવત ૧૮૪૩માં રામનંદ સ્વામીના તેઓ શિષ્ય બન્યા. સંવત ૧૮૬૦માં શ્રીજી મહારાજ સાથે કચ્છની યાત્રાએ તેઓ નીકળ્યા ત્યારે તેમની ઉંમર ૩૮ વર્ષ હતી. અનેક ચમત્કારો દર્શાવી શ્રીહરિએ તેમને આધોઈ ગામમાં દીક્ષા આપી નિષ્કુળાનંદ સ્વામી નામ આપ્યું.

વૈરાગ્યના મૂર્તિમાન સ્વરૂપ સમાન નિષ્કુળાનંદ સ્વામી મહાન કવિ હતા.

શ્રીહરિચરિત્રામૃત સાગરમાં આધારાનંદ સ્વામી નોંધે છે કે નિષ્કુળાનંદ સ્વામી ગાતા ત્યારે સૌને સંસાર વન વાગતો અને કીર્તનની પંક્તિએ માયિક સુખ અંગારા સમાન લાગવા માંડતા.

સમૃદ્ધ ગઢડા મંદિરની મહંતાઈ ન લેતા તેમણે શુષ્ક ધોલેરાની મહંતાઈ સ્વીકારી.

શ્રીજી મહારાજ ગ.અં. - ૨૬માં કહે છે :

જેમ માયારામ ભટ્ટ છે તથા મૂળજી બ્રહ્મચારી છે તથા નિષ્કુળાનંદ સ્વામી છે એવી જાતના જે હોય તેને સ્ત્રીધનાદિક પદાર્થનો યોગ થાય તો પણ ડગે નહિ.

નિયમધર્મમાં નિષ્કુળાનંદ સ્વામીની દૃઢતા મેરુ સમાન હતી. એક વાર શ્રીજી મહારાજ તેમને કહ્યું, "જાવ, સ્ત્રીઓની સભામાં જઈને વાતો કરો." નિષ્કુળાનંદ સ્વામીએ આજ્ઞાનો અસ્વીકાર કર્યો. તેથી શ્રીજી મહારાજે આકરા થઈને કહ્યું, "આજ્ઞા નહિ માનો તો વિમુખ કરીશ." ત્યારે સ્વામી બોલ્યા, "આપની આજ્ઞા લોપીને વિમુખ થવાનું મને મંજૂર છે, પણ સ્ત્રીઓની સભામાં જઈને વિમુખ થવું પોષાય તેમ નથી." તેમની આજ્ઞા આવી સ્પષ્ટ સમજણથી મહારાજ ખૂબ રાજી થયેલા.

૩. સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી જયંતી : રાજસ્થાનના શિરોહી જિલ્લાના ખાણ ગામે સંવત ૧૮૨૮ના વસંતપંચમીએ અસાધારણ પ્રતિભાના ધણી એવા બ્રહ્માનંદ સ્વામીનો જન્મ લાડુદાનજી તરીકે થયો હતો.

માત્ર ૧૫ વર્ષની વયે તેમણે છંદ, દોહા, કવિતા પર પ્રભુત્વ પ્રાપ્ત કરેલું. પીંગળ જાણવા તે કચ્છમાં આવ્યા હતા.

ભુજના મહારાવે તેમને રાજકવિ રત્ન, પીંગળ વિદ્યાચાર્ય, સહસ્રાવધાની, મહામહોપાધ્યાય, શીઘ્ર કવિશ્વર વિગેરે પદવીઓથી વિભૂષિત કર્યા. લાડુદાનજીના રેણકી, ચર્ચરી વગેરે છંદો જ્યારે ગવાતા ત્યારે શ્રોતાજનો ભાવ સમાધિમાં લીન થઈ જતા.

તેઓના કવિત્વથી ધ્રાંગધ્રા, જામનગર, જૂનાગઢ અને ભાવનગરના રાજાઓ આકર્ષાયા. ભાવનગરના રાજવીના કહેવાથી સ્વામિનારાયણ ભગવાનપણાની કસોટી કરવા ગઢડા પધાર્યા. ભુજમાં પ્રથમ મળ્યા ત્યારે મહારાજના દર્શન અને ઐશ્વર્ય પ્રતાપથી તેમનું અંતર રંગાઈ ગયું ને ગાઈ ઉઠ્યા...

"આજની ઘડી રે ધન્ય, આજની ઘડી,
મેં નીરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી."

મહારાજે તેમને દીક્ષા આપી "બ્રહ્માનંદ" સ્વામી નામ રાખ્યું.

શ્રીજી મહારાજ પ્રત્યે અનન્ય આશરાની પ્રતીતિ હતી. મહારાજની આજ્ઞા થતાં તેઓ કંતાન પહેરવા તૈયાર થઈ ગયેલા.

બ્રહ્મચર્યમાં સ્વામીને શ્રીજી મહારાજ યતિ કહેતા. અખંડ નૈષ્ઠિક વ્રતને કારણે તેમની આભા ગમે તેવા વ્યક્તિને આંજી દેતી. એકવાર જૂનાગઢમાં નગરયાત્રા દરમ્યાન દ્વેષી દિવાને કાઠીઓની ઘોડીઓ વચ્ચે એક મદોન્મત્ત ઘોડાને તોફાન કરવાના ઈરાદે મોકલ્યો. ઘોડીઓને જોતા ઘોડો તોફાને ચડ્યો, પણ જેવા બ્રહ્માનંદ સ્વામીએ ઘોડા ઉપર દૃષ્ટિ કરીને અને હાથ ફેરવ્યો કે તરત જ સ્પર્શ માત્રે ઘોડાની કામવૃત્તિ હરાઈ ગઈ. સમગ્ર યાત્રા દરમ્યાન તે નીચી દૃષ્ટિએ ચાલતો રહ્યો.

સાધુતા, વિદ્વતા અને વ્યાવહારિક કૌશલ્ય આ ત્રણેનો સ્વામીમાં અદ્‌ભુત સંગમ હતો. અમદાવાદ, ભુજ, વડતાલ, જૂનાગઢ આદિ મંદિરોના નિર્માણમાં બ્રહ્માનંદ સ્વામીનો ફાળો અદ્વિતીય છે.

બ્રહ્માનંદ સ્વામી શીઘ્ર કવિ હતા. એકવાર મહારાજે એવું પ્રકરણ ચલાવેલું કે જો કોઈ સભામાં ઊંઘે તો તેને બેરખો મારવો. એકવાર સ્વામીને ઝોકું આવી ગયેલું ને મહારાજે તેમને બેરખો માર્યો. સ્વામીને કારણ પૂછ્યું તો મહારાજ કહે કે તમે ઊંઘતા હતા. સ્વામીએ કહ્યું, "મહારાજ, હું કયાં ઊંઘતો હતો ? હું તો તમારી મૂર્તિના પદો બનાવતો હતો."

મહારાજ તરત કહે, "તો ગાવો એ પદો."

બ્રહ્માનંદ સ્વામીએ તરત કીર્તન ઉપાડ્યું, "તારે ચટક રંગીલો છેડલો." સ્વામી એક કડી બોલે અને શ્રોતા તે કડી ઝીલે.

સભામાં એક કડી ઝીલે ત્યાં સુધીમાં તે તરત જ બીજી કડી રચી કાઢતા. આમને આમ તેમણે સળંગ ૪ પદો રચી કાઢ્યા.

વિખ્યાત સાહિત્યકાર કનૈયાલાલ મુનશી કહે છે : ભાષા સૌંદર્યમાં તેઓ દયારામ સિવાયના તમામ સમકાલીન કવિઓ કરતા આગળ નીકળી જાય છે.

બ્રહ્માનંદ સ્વામીએ ગુજરાતી, હિન્દી, વ્રજ, કચ્છી, રાજસ્થાની, ચારણી આદિ ભાષાઓમાં ૮૦૦૦ પદો રચ્યા છે. ૧૯ જેટલા નાના-મોટા ગદ્ય-

પદ્ય ગ્રંથો રચ્યા છે.

એકવાર ભાયાદુલા કાગને મુખે રવીન્દ્રનાથ ટાગોરે બ્રહ્માનંદ સ્વામીએ રચેલા ચર્ચરી છંદના નીચેના પદો સાંભળ્યા.

સર સર સરપર સધર અમર સર અનુસર..

આ પદો સાંભળીને રવિન્દ્રનાથ ટાગોર મુગ્ધ થઈ ગયેલા.

બહુમુખી પ્રતિભાના માલિક બ્રહ્માનંદ સ્વામીએ સંપ્રદાયના વિકાસ અને પ્રગતિમાં અમૂલ્ય યોગદાન આપ્યા છે.

વસંતપંચમીનો આ દિને બંગાળમાં સરસ્વતીની મૂર્તિની પૂજા કરવામાં આવે છે.

---

# સાક્ષાત્ બ્રહ્મચર્યની મૂર્તિ રાજબાઈ

રાધાબેન ગોળવિયા - વેળાવદરવાળા

સત્સંગમાં મહારાજે ગઢપુરની પાંચ મોટેરી બાઈઓમાં રાજબાઈના નામનો પણ ઉલ્લેખ કરેલો છે. આવા રાજબાઈ વાંકીયાના મોકાખાચરની દીકરી પણ શ્રીજી મહારાજની આજ્ઞાથી દાદા ખાચરે પોતાની બહેન તરીકે તેમને ત્યાં આજીવન રાખી પાલન પોષણ કરેલું જો કે સબંધથી રાજબાઈ દાદાની માસીયાઈ બહેન થતી હતી. ભક્ત ચિંતામણીમાં ગઢપુરના ભક્તોમાં અને એમાં પણ સ્ત્રી ભક્તોના નામમાં સ.ગુ.સ્વામી નિષ્કુળાનંદ સ્વામીએ રાજબાઈ માટે લખ્યું છે કે મુખ્ય રાજબાઈની એ રીતી, પ્રભુ વીના નહીં કયાંય પ્રીતિ. મહારાજની આજ્ઞાથી બાબરા પાસેના ઘુઘરાળા ગામે રામજબેલીયા નામના કાઠી સાથે પરણ્યા હતા. પણ પરણ્યાની પહેલી રાતે તેમના પતિને જગદંમ્બા સ્વરૂપે અને વાઘ સ્વરૂપે વિકરાળ જણાયા હતા. (મહારાજે રક્ષા કરેલી) તેથી તેના પતિએ તેમને પિયર વળાવેલા જે પોતાને ગામ વાંકીયા રાજબાઈ ન જતા બારોબાર ગઢપુર જઈ દાદાના દરબારમાં રહી મહારાજના સાંનિધ્યમાં રહી જીંદગી ભર પ્રભુને ભજ્યા અને રાજી કર્યા હતા.

પોતે વચન સિદ્ધ હતાં. પુરુષથી ૧૫ હાથ છેટે રહેતા કોઈ સ્ત્રી ગર્ભવતી હોય તેના ઉદરમાં પુરુષ જાતિનું બાળક હોય તે જાણી જતાં તેનાથી તે દૂર રહેવા કહેતા. આથી તો મહારાજે લોયાના ત્રીજા વચનામૃતમાં ભક્તોથી ભગવાન અને સંતોના અર્થે શું ન થાય તેવા નામોમાં રાજબાઈનું ચોથુંનામ લખ્યું છે અને મહારાજ રાજબાઈને કહેતા તે અમારે રાજબાઈ તો સાક્ષાત્ બ્રહ્મચર્યની મૂર્તિ છે.

આવા રાજબાઈ સત્સંગમાં સારાએ સત્સંગ સમાજને (સ્ત્રીમાટેતો વિશેષે) દીવાદાંડી સમાન હતાં. અને રાજબાઈ ભલે ગામડાના ઓછું ભણેલા હતાં પણ અધ્યાત્મ માર્ગમાં પાવરફુલ લેડી કહી શકાય. આખા બધાજ વચનામૃતો માં સંતો, આચાર્યો ગૃહસ્થ ભક્તો પુરુષોના પ્રશ્નોત્તર શ્રીજી મહારાજ સાથે છે. પણ ગઢડાના અંત્યના ૨૫માં વચનામૃતમાં માત્ર રાજબાઈ એક સ્ત્રીએજ મહારાજને પ્રશ્ન પૂછી સમાધાન મેળવ્યું છે જે સ્ત્રીઓને ગૌરવલેવા જેવી વાત છે. અને બીજા અનેક સવાલો મહારાજને રાજબાઈએ પૂછીને સમાધાન આપણને અપાવ્યું છે. જેવા કે હે મહારાજ આપ ખરેખરા અંતરથી ભક્ત ઉપર રાજી થાવ ત્યારે શું આપો ? આ પ્રશ્ન મહાન છે. જે રાજબાઈ જેવાજ પૂછી શકે બીજાનું કામ નથી.

રાજબાઈ છેડા વ્રતમાં એટલાંતો પાકાં હતાં કે વડતાલના દેવના દર્શન વડતાલ જવું હતું તો દાદાને કહીને ગાડાંનો પ્રબંધ કરાવેલ અને કોઈપણ પુરુષ તે બેઠેલો ગાડાંની નજીક ન આવે માટે કાંટાવાળા બાવળના ઠરડા બંધાવેલા. એમ વડતાલ દર્શન કરવા ગયેલાં. દાદાને મહારાજની આજ્ઞા અને કહેવાથી. (માસીયાઈ બહેન હોવાને નાતે) ધર્મના ભાઈ માનતા હતા.

રાજબાઈ અક્ષરધામમાં જતાં પહેલાં કહેતાં કે

મારા શબને કોઈ પુરુષ ન અડે કે અગ્નિ સંસ્કાર દે. જયારે દાદાખાચર બહારગામ હતા અને અંતકાળનો સમય રાજબાઈને આવેલ ત્યારે મહારાજની કૃપાથી મૃત્યુને થોડા દિવસ પાછું ઠેલ્યું હતું. રાજબાઈના મૃત દેહને અગ્નિ સ્પર્શ ન કરતો હતો. ત્યારે શ્રીજી મહારાજ અંતર્યામી પ્રેરણા કરી હતી કે દાદા તમારા ધર્મના ભાઈ છે. તેના હાથે અગ્નિ સંસ્કાર કરવા દ્યો ત્યારે અગ્નિ લાગેલો અને મહારાજે અગ્નિ દેવને પણ આજ્ઞા કરેલી કે આ મહામુક્ત રાજબાઈનું મૃતદેહ છે તે આ લોકનું છે માટે તેને સ્પર્શ કરો પછીજ દેહને અગ્નિ લાગેલા પોતે દાદાખાચરને અગાઉથી કહેતા ગયેલાં કે મારા અસ્થિને ઘેલામાં ન વહાવતા જેથી પુરુષનો સ્પર્શ થાય પણ ૨૦ હાથ નીચે જમીનમાં દાટજ્યો. આવાં હતાં રાજબાઈ બ્રહ્મચર્યની સાક્ષાત્ મૂર્તિ. દીવાદાંડીરૂપ અને સ્ત્રી સમાજને એક રાહચિંધનાર મહાન સ્ત્રી ભક્ત હતાં રાજબાઈને મારા કોટી કોટી પ્રણામ

# તમે પાપનો બાપ જોયો છો?

સાં.યો. વાલબાઈ ભચુભાઈ કેરાઈ, નારણપર (ની.વા)

એક બ્રાહ્મણ કાશીએ બાર વર્ષ સુધી ભણ્યા, પછી ઘેર આવવા માટે કાશીએથી નીકળ્યા, ત્યાં રસ્તામાં એક શહેર આવ્યું. ત્યારે સાંજનો સમય થઈ ગયો હતો. તેથી નદી કાંઠે બેસીને બ્રાહ્મણ વિચાર કરવા લાગ્યા. “આ અજાણ્યા નગરમાં કોને ઘરે રહેવું?” આ રીતે વિચાર કરતા હતા, ત્યાં એક સ્ત્રી પાણી ભરવા આવી. તેથી બ્રાહ્મણે પૂછ્યું, “ મારે રાત્રિ રહેવું છે. પરંતુ હું કોઈને ઓળખતો નથી.” ત્યારે સ્ત્રીએ કહ્યું, “મારા ઘેર ચાલો” પછી તે બ્રાહ્મણને ઘરે લઈ ગઈ અને ગાય બાંધવાની ઓરડીમાં તેને ઉતારો આપ્યો અને ગામમાંથી પાકું સીધું મંગાવીને બ્રાહ્મણને આપ્યું. બ્રાહ્મણે રસોઈ બનાવી. આ સ્ત્રી વેશ્યા હતી. પૂછ્યું તેમણે તમે શું શું ભણ્યા છો? ત્યારે ભૂદેવે ચૌદ પ્રકારની વિદ્યા ભણ્યાનું કહ્યું. પછી વેશ્યા સ્ત્રીએ પૂછ્યું, “તમો પાપનો બાપ ભણ્યા છો?” ત્યારે પેલાએ ના કરી. ત્યારે વેશ્યાસ્ત્રીએ કહ્યું તો કાલે તે ભણવા ફરીને કાશીએ જાજો.

ત્યાર પછી પેલા ભૂદેવ જમવા બેઠા. ત્યારે વેશ્યાસ્ત્રીએ કહ્યું, “હે ગોર દેવ! મારો દીકરો માંદો હતો. ત્યારે મે માનતા કરી હતી કે, મારા પુત્રને સારું થઈ જાય તો હું મારા હાથથી એક બ્રાહ્મણને જમાડીશ અને જ્યાં સુધી ન જમાડું ત્યાં સુધી ઘી-ગોળ નહિં ખાઉં માટે મારા હાથનું તમે જમો.”

તે વાત સાંભળી બ્રાહ્મણે કહ્યું. તું તો વેશ્યા અપવિત્ર છો. અને વળી વ્યભિચાર કરી પાપ કરે છે. તેથી તારા હાથનું કેમ ખવાય? તે સાંભળી વેશ્યાએ કહ્યું. ૫૦રૂ. લ્યો પરંતુ મારા હાથનું જમો. ત્યારે બ્રાહ્મણે ના પાડી પછી વેશ્યાએ ૧૦૦ રૂ. મૂકયા અને કહ્યું લ્યો સો રૂપિયા પૂરા પણ મારા હાથનું જમો. ત્યાં તો ૧૦૦ રૂપિયા જોઈ ભામણા ભાઈની વૃત્તિ ચલાયમાન થઈ તેથી બોલ્યા. તું કોઈને આ વાત ન કરે તો હું જમું. ત્યારે વેશ્યા બોલી હું કોઈને નહિ કહું કેમ જે મારી ટેક છૂટી જાય છે. માટે નિર્ભય થઈને મારા હાથનું જમો.

તુરંત બ્રાહ્મણે ૧૦૦ રૂપિયા લઈ લીધા અને કહ્યું તું તારા હાથે મને જમાડ. લે હું મુખ ખોલું. એમ કહીને મુખ ખોલ્યું. પછી વેશ્યાએ હાથમાં કોળિયો લીધો. ત્યાં તો જમવા તૈયાર થઈ ગયા. તુરંત પેલી વેશ્યાએ એક ગાલમાં થપાટ મારી અને કહ્યું, “પાપનો બાપ જાણ્યો” સો રૂપિયા માટે બ્રાહ્મણનો દેહ વટલાવવા તૈયાર થઈ ગાયા. સાંભળી લે પાપના બાપનું નામ છે લોભ તને રૂપિયા આપ્યા ન હતા ત્યાં સુધી ના કહેતા હતા. પરંતુ ૧૦૦ રૂપિયા ભાળી તેમાં લોભાયમાન થઈ ગયા અને મારા જેવી નીચ સ્ત્રી, નીચ ધંધા કરનારીના હાથનું ખાવા તૈયાર થઈ ગયાને ? તેથી જ લોભને પાપનો બાપ કહ્યો છે.

હે વ્હાલા વાચકો! આ દૃષ્ટાંતમાંથી રહસ્ય એ સમજવાનું છે કે, આ બ્રાહ્મણની જેમ લોભી થાવું નહિ. અને આપણામાં લોભી પ્રકૃતિ જો હોય તો તેને છોડી દેવી અને શ્રીહરિને રાજી કરી લેવા.

# શિક્ષાપત્રી જયંતી



વસંતઋતુનો શ્રીકૃષ્ણ ભગવાને પોતાની વિભૂતિ કહી છે.

ઋતુનાં કુસુમાકર (ગીતા : ૧૦/૩૫)

આ પુણ્યમયી, મંગલમયી વસંતુઋતુમાં જ શ્રીજી મહારાજે પોતાની વાણી સ્વરૂપા શિક્ષાપત્રી આપી છે.

સં. ૧૮૮૨ની વસંત પંચમીએ વડતાલમાં શ્રીજી મહારાજે શિક્ષાપત્રીની રચના પૂર્ણ કરી.

ગાગરમાં સાગર સમાન આ ૨૧૨ શ્લોકના નીતિ વિષયક ગ્રંથમાં શ્રીજી મહારાજે ૩૬૦ શાસ્ત્રોના ૩૬૧૮ શાસ્ત્ર વચનોનો સમાવેશ કર્યો છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણના પ્રાગટ્ય સમયે સમસ્ત ગુજરાત અને ભારતમાં આધ્યાત્મિક ક્ષેત્રે અંધકાર વ્યાપી ગયો હતો. એ અંધકારને વિદારીને પ્રકાશ રેલાવનારી અંજન સલાકા એજ શિક્ષાપત્રી.

જેમ કાર કે ટીવી કે મોબાઈલ સાથે તેને કેવી રીતે વાપરવો તેની 'સ્ટ્ટહેટ્ટર્મ' માર્ગદર્શક સૂચિ હોય છે. તે જ રીતે સર્વશ્રેષ્ઠ મનુષ્યદેહ અને જીવનને કેવી રીતે જીવવું તેનું પૂર્ણ માર્ગદર્શી પત્ર એટલે શિક્ષાપત્રી. મનુષ્યજીવનને લગતા, કૌટુંબિક, આર્થિક, વ્યવહારિક, સામાજિક, સ્વાસ્થ્ય સંબંધી તમામ પાસાઓની એમાં વિસ્તૃત છણાવટ છે.

સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય અને અચોરી... સદાચારી જીવનના મુખ્ય અંગો છે. તેનો અહીં દઢતાથી ઉપદેશ અપાયો છે.

કળિયુગના મુખ્ય પાંચ સ્થાનો શાસ્ત્રોમાં ગણાવવામાં આવ્યા છે. દારુ, જુગાર, વ્યભિચાર, માંસાહાર અને વ્યર્થ ધન સંગ્રહ. આ પાંચેય પ્રકારના મહાકુસંગથી બચવાના સચોટ ઉપાય અને માર્ગદર્શન શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે આપ્યા છે.

શિક્ષાપત્રીનો એક છેડો આધ્યાત્મિકતાના આકાશ પર છે, તો બીજો છેડો ધરતી પર જીવતા માણસના જીવનમાં છે. આત્મા-પરમાત્માના શુદ્ધ જ્ઞાન સાથે કયાં થૂંકવું, કયાં શૌચવિધિ કરવો એ અંગેના આરોગ્ય સંબંધી પણ વાતો કરવાનું શ્રીજી મહારાજ ચૂકતા નથી.

"શિક્ષાપત્રીની વાતો પ્રમાણે તમામ નાગરિકો વર્તે તો ભારતની રાષ્ટ્રીય સમસ્યાઓનો અંત આવી જાય."

શિક્ષાપત્રીએ સંગ શુદ્ધિ, કિશોરલાલ મશરૂવાળા આચાર શુદ્ધિ, વ્યવહાર શુદ્ધિ, આહાર શુદ્ધિ, વસ્ત્ર શુદ્ધિ, વિચાર શુદ્ધિ અને આત્મ શુદ્ધિનો અદ્‌ભુત ગ્રંથ છે.

જીવના અનાદિ અજ્ઞાનનો ઉચ્છેદ થાય તો જ મુક્તિ શક્ય છે. આ અનાદિ અજ્ઞાનને એ જ માયા, સ્વભાવ કે વાસના છે. સાદા શબ્દોમાં આ માયાની વ્યાખ્યા મહારાજે આ રીતે કરી : 'હું' અને 'મારું'.

આ અહંમમત્વ એક જ ઝાટકે છૂટે એવા નથી. તેથી શ્રીજી મહારાજે ચાર અંગવાળા એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું. જેમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહાત્મ્ય યુક્ત ભક્તિ ચાર પાંખ બનાવી.

આ ચાર અંગમાં ધર્મ અટલે નાની-મોટી આચારસંહિતાઓ આજ્ઞાઓ.

સંસારમાં ગૃહસ્થાશ્રમમાં રહીને નાના-મોટી, લૌકિક, આર્થિક કે સામાજિક વ્યવહારોની શુદ્ધિ ન હોય તો ભજન સ્મરણમા અચૂક વિક્ષેપ આવે. એમાં કેટલાક દેહના વ્યવહાર છે, કેટલાક વાણીના છે, કેટલાક વિચાર સંબંધી વ્યવહારો છે.

૭ લાખનું દેવું થઈ ગયું હોય તે રોજ લોહી પીતા હોય, ધમકી આપતા હોય, તે વખતે પૂજા કે ભજનમાં મન રહે ?

આ લોકમાં કુશળતાપૂર્વક જીવન વ્યતીત થાય અને સુખેથી સેવા-ભજન થઈ શકે તે માટે શ્રીજી મહારાજે એક અદ્‌ભુત અંજનશલાક (પ્રકાશ

પાથરનારી સળી) આપી, જેનું નામ છે શિક્ષાપત્રી.

સ.ગુ. ગોપાળાનંદ સ્વામી કહેતા :

કોઈનાય વાંકમાં ન આવીએ એ માટે શિક્ષાપત્રી પાળવી.

દેહમાં, ઘરમાં, ધંધામાં, નોકરીમાં, ખેતીમાં, સમાજમાં, સેવામાં, સીમમાં, સત્સંગમાં કે અંતરમાં ક્યાં, કોણે, કેવી રીતે વર્તવું તેનો સ્પષ્ટ નિર્દેશ શિક્ષાપત્રીમાં છે.

ગમે તે સમયે, ગમે તે સ્થળે, ગમે તેની સાથે કંઈ વિક્ષેપ ઊભો થાય, તો તેનું મૂળ કારણ શિક્ષાપત્રીના૨૧૨ શ્લોકોમાંથી અવશ્ય મળી આવશે. જો પ્રામાણિકપણે તપાસ કરવામાં આવે તો.

દા.ત. દેવું થઈ ગયું કે ઘરમાં આર્થિક તંગી દર મહિને પડે છે.. તો શિક્ષાપત્રીની આ બે આજ્ઞા સારધાર પળાય છે કે નહિ તેની તપાસ કરો.

૧. જેટલી આવક તેટલો જ ખર્ચ કરવો.

૨. આવક અને ખર્ચનું રોજ રૂડા અક્ષરે નામું લખવું.

આપણને થાય આમાં વળી શું ? પણ છ મહિના સુધી આ આજ્ઞા પળાય તો પછી જુઓ ચમત્કાર !

આ શિક્ષાપત્રી લખ્યા પછી પંદરમાં દિવસે શ્રીજી મહારાજે શિક્ષાપત્રીના મહિમાને આ રીતે વર્ણવ્યો.

અમારી જે શિક્ષાપત્રી તેનો પાઠ અમારા આશ્રિત જે ત્યાગી સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ-ભાઈ સર્વે તેમણે નિત્ય કરવો અને જેને ભણતા ન આવડતું હોય તેણે શ્રવણ કરવું અને જેને શ્રવણ કરવાનો નિત્ય યોગ ન હોય તેણે નિત્ય શિક્ષાપત્રીની પૂજા કરવી. એવી રીતે જે અમે શિક્ષાપત્રીમાં લખ્યું છે. માટે એ ત્રણમાંથી જેને ફેર પડે તેણે એક ઉપવાસ કરવો એમ અમારી આજ્ઞા છે.

એવી રીતની જે શ્રીજી મહારાજની આજ્ઞા તેને પાળવાનો નિયમ એ સર્વેએ ધાર્યો કે હે મહારાજ, જેમ તમે કહો છો તેમજ અમે સર્વે પાળશું તેને સાંભળીને શ્રીજી મહારાજ અતિ પ્રસન્ન થઈને સર્વ સાધુને અને બ્રહ્મચારીને મળતા હવા અને સર્વે સત્સંગીના હૃદયને વિશે પોતાના ચરણારવિંદ આપતા હતા.

(વચનામૃત : ગ.અં. – ૧૧)

હવે વિચારવાનું એ કે માત્ર શિક્ષાપત્રીનો પાઠ કરવાની તૈયારી બતાવી એમાં શ્રીજી મહારાજ કેટલા રાજી થઈ ગયા. બધા સંતો-બ્રહ્મચારીને મળ્યા એટલે બાથમાં લઈને ભેટ્યા. અને હરિભક્તોને પોતાની અંતિમ ચરણ પ્રસન્નતાની નિશાની જેવા છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

આનું એક જ કારણ છે.

શ્રીજી મહારાજનુ સ્પષ્ટ દર્શન છે કે આ શિક્ષાપત્રી જ મારા ભક્તનો આલોક અને પરલોકના પરમ સુખ તરફ ગતિ કરાવશે જો યથાર્થ પાળશે તો.

હવે સૌ ટનનો પ્રશ્ન : આ શિક્ષાપત્રીનો પાઠ રોજ કરવા છતાં હરિભક્તોને દુ:ખ કેમ આવે છે?

માત્ર પાઠથી કામ સરતું નથી. શિક્ષાપત્રીના વાંચન સાથે આ ૨ વાતનું અનુસંધાન સતત રહે તો શિક્ષાપત્રી ફળે.

૧.આ વાત મહારાજે મારા માટે લખી છે.

૨. દરેક શ્લોક વાંચતી વેળાએ આ બે ધ્યેય મંત્રોનો ઉચ્ચાર :

– શું આ મને લાગુ પડે છે ?

– શું આ મુજબ હું વર્તુ છું ?

માત્ર શિક્ષાપત્રી વાંચવાથી નહીં, પરંતુ તે મુજબ વર્તવાથી મહારાજનું વરદાન સાચું થાય છે.

દા.ત. ગાળ્યા વિનાનું જળ તથા દૂધ ન પીવું. આ આજ્ઞા વાંચ્યા પછી તરત જ વિચારવું પડે કે મારા ઘરે નળને ગરણું કે ફીલ્ટર છે ? ન હોય તો મહારાજથી છૂટા પડી જશું.

“મારી વાણી એ મારું સ્વરૂપ છે.” એવું શિક્ષાપત્રી માટે લખીને શ્રીજી મહારાજે પ્રત્યેક શબ્દમાં પોતાના જેટલી સામર્થી મૂકી છે.

શિક્ષાપત્રી જયંતીએ આ વાત દઢ થાય તો જયંતીની ઉજવણી સાચી.

# ધ્વજા

રસિકભાઈ ગોળવિયા - સુરત

ભગવાન શ્રી સ્વામિનારાયણે સત્સંગમાં સહુપ્રથમ શ્રીપુર યાને કે અમદાવાદ નગરની અંદર સંવત ૧૮૭૮ ફાગણ સુદ-૩ ના રોજ ભરત ખંડના રાજાધિરાજ બદ્રીપતિદેવ શ્રી નરનારાયણદેવ પધરાવી પ્રતિષ્ઠાની આરતી કરી સત્સંગમાં કલ્યાણનું અને ઉપાસનાનું દ્વાર ખુલ્લું મૂકયું ત્યારે યજ્ઞઆદિક સર્વે કાર્ય પુરું કર્યા પછી શ્રી નરનારાયણદેવનો જેમ છે તેમ મહિમા સમજાવી પ્રથમ મંદિરમાં દાદાખાચરે મંદિરના પ્રથમ કળશ અને પીઠવડીના ભગામૂળાએ મંદિરની પ્રથમ ધ્વજા ચડાવેલ. તેથી ત્યાંના હરિભકતો કુબેરસીંગ છડીદાર ભગવાન શ્રી સ્વામિનારાયણને હાથ જોડી પૂછયું હે મહારાજ મંદિર ઉપર ધ્વજા ચડાવવાનું શાસ્ત્રથી શું વિધાન છે તે સમજાવો.

ત્યારે શ્રીહરિ કહેવા લાગ્યા હે સંતો ભકતો નૂતન મંદિર ઉપર કળશ અને ધ્વજા ચડાવવા માટેનું શાસ્ત્રોમાં એવું વિધાન છે કે મંદિરનું દેરું જેટલું ઉચ્ચું હોય તેટલી લંબાઈના છીદ્ર રહિત( કાંણા વગરના) વાંસ જોઈએ અને તેટલો ન મળે તો ચાર, આઠ, સોળ, વીસ તેમ તેટલા હાથનો અને તેનાથી અધિક ન હોય તેવો કાંણાવગરનો નક્કોર વાસ તેમજ પાંચ, સાત, કે અગિયાર એકી હાથ લંબાઈના ન હોય તેવા વાંસ પસંદ કરવો અને તે વાંસ ચાર આંગળ જાડો હોવો જોઈએ તેવું વિધાન છે.

વાંસ દોષ માટે એવું લખ્યું છે કે વાંસ વાંકો હોયતો પુત્રનો નાશ કરે છે. છીદ્રવાળો હોય તો ધનનો નાશ કરે છે અને જો એકી હાથનો હોય તો રોગ થાય અને ૨૦ હાથ કરતા વધુ લાંબો હોય તો સર્વ પ્રકારે હાનિ થાય છે. હવે વાંસ જો ૨ હાથનો હોય તેને જય કહેવાય, ચાર હાથનાને જયંન, છ હાથનાને જઈથ કહેવાય, આઠ હાથનાને શત્રુહંતી અને દસ હાથનાને જયાવહ અને બાર હાથનાને નંદ, ચૌદ હાથનાને ઉપનંદ, સોળહાથનાને ઈન્દ્ર, અઢાર હાથનાને ઉપેન્દ્ર અને ૨૦ હાથનાને આનંદ આમ દસ ભેદ છે. તેના ઉપર ધ્વજા ચડાવવી જોઈએ.

શાસ્ત્રોમાં દેરા સાથે સોના ચાંદિ આદી પંચ ધાતુનો ધ્વજ દંડ મૂકીને ધ્વજા ચડાવી શકાય છે તેવું વિધાન પણ છે.

આવીજ રીતે તે વાંસ અથવા દંડ ઉપર ધ્વજા ચડાવવામાં આવે તેના પણ દસ પ્રકાર બે, ચાર, છ, આઠ, અગિયાર અને ચૌદ, સોળ અને અઢાર, વીસ અને ચોવીસ આંગળની ધ્વજાઓને અનુક્રમે અગુંરા પલ્વવ, સ્કંધ, શાખા પતાકા, કદળી (કેળ) કેતુ, લક્ષ્મી જપ અને ધ્વજ કહેવાય છે. તેમાં પણ પહેલા કળશને ચડે તે અંગુરા કહેવાય બીજા કળશને અડે છે પલ્લવ અને મંદિર ઘુમટના અરધાભાગને અડે તેને સ્કંધ કહેવાય છે.

ભગવાનની મંદિરની ધ્વજામાં હંમેશાં ગરૂડજીનું નિશાન જોઈએ શંકરની ધ્વજામાં વૃષભ (બળદ) જોઈએ બ્રહ્માની ધ્વજામાં પદ્મ જોઈએ સૂર્યનારાયણની ધ્વજામાં (વ્યોમ કહેતા તારા જોઈએ ઈન્દ્રની ધ્વજામાં હાથીનું નિશાન જોઈએ જે જે દેવની ધ્વજા હોય જે દેવનું જે વાહન હોય તેનું નિશાન ધ્વજા ઉપર જોઈએ અને ધ્વજ દંડને બનાવરાવીને વેદિકા બનાવી ને વેદ વિધિથી વિધાનથી પૂજન કરાવી વેદ મંત્રોચ્ચાર સાથે મંદિર ઉપર ધ્વજા ચડાવવામાં આવે છે.

આવી રીતે શાસ્ત્રોકત પ્રકારે નિયમ અનુસારે ધ્વજા દંડ ચડાવે તો ધ્વજા ચડાવનારનું શ્રેય થાય છે. હિન્દુ દરેક મંદિર ઉપર અવશ્ય ધ્વજા ફરકવી જોઈએ. જે મંદિર ઉપર ધ્વજા ન હોય તો ત્યાં અસુર નિવાસ કરે છે માટે દેવનું કોઈ પણ મંદિર ધ્વજા વિના રાખવું નહીં. ધ્વજા હંમેશાં પૂર્વ મુખે રહીને ચડાવવી તેથી ભકતના સર્વે મનોરથો પૂર્ણ થાય છે આમ ધ્વજા વિશે શાસ્ત્રોકત મહારાજે ઘણીજ વિસ્તૃત વાત કરી સમજાવ્યું તેથી સહુએ વાત જાણી બહુજ રાજી થયા.

# પ્રેમાનંદ સ્વામીનું આખ્યાન

- ધરમશીભાઈ દેવસી ભગત-ત્રિવેન્દ્રમ

ગત અંકથી....

ડોસા તાઈનો ધંધો શીંગદાણા દાળિયાને મમરાના લાડુ વેચવાનો હતો જ્યાં ઉત્સવ કે મેળાનું આયોજન હોય ત્યાં ડોસા તાઈ પહોંચી જતા. નૂરતાઈને પણ આ કામે જ લગાડ્યો. રામાનંદ સ્વામી શ્રી હરિને જેતપુરમાં ગાદીએ બેસાડવાના છે ને ખૂબ મોટો ઉત્સવ થવાનો છે જાણી બન્ને બાપ-દીકરો જેતપુર જઈ સંબંધિને ત્યાં રોકાયા. શ્રી હરિના પટાભિષેકના આગલે દિવસે ફુલેકું કહેતાં શોભાયાત્રા કાઢવામાં આવી ને મોટી સંખ્યામાં ભક્તો આવેલા. આટલો મોટો માનવ મહેરામણ નૂરતાઈએ કદી જોયેલો નહી. શ્રીહરિ ઘોડા ઉપર સવાર થયા છે ને ખૂબ જ કિંમતી જરિયાન વસ્ત્રો ધારણ કર્યા છે નૂરતાઈ શ્રીહરિને જોઈ એટલો બધો પ્રભાવિત થયો કે ઘોડાની સાથોસાથ ચાલવા લાગ્યો તેનું હૃદય શ્રી હરિમાં ખેંચાણું. વેપાર ભુલાઈ ગયો. સમય થતાં જમવાનો સાદ થયો નૂરતાઈ એક બાજુ બેસી રહ્યો. રામાનંદ સ્વામીની આ છોકરા ઉપર નજર પડતાં પૂછ્યું કેમ બેટા તું જમવા નથી ગયો. નૂરતાઈ કહે ના આટલા મોટા ઉત્સવમાં એક છોકરો જમ્યા વગર રહી જાય તો ઠીક ન કહેવાય. સ્વામિએ પાર્ષદને બોલાવીને નૂરતાઈને જમાડયો. જમીને પણ નૂરતાઈ ત્યાં જ બેસી રહ્યો. સાંજ પડવા આવી. ડોસાતાઈ બોલાવવા આવ્યા ને રામાનંદ સ્વામીને કહ્યું મારા છોકરાને તમે કેમ બેસાડી રાખ્યો છે. સ્વામી કહે અમે રોકયો નથી. ભૂખ્યો હતો એટલે અમે જમાડ્યો છે. ડોસાતાઈ કહ્યું અલ્યા ચાલ ઘરે જઈએ. નૂરતાઈએ ના પાડી એટલે ગુસ્સે થઈને ડોસાએ છોકરાને એક લાત મારી, સ્વામી કહે એને મારશો નહી બાળક છે. સ્વામિએ નૂરતાઈને સમજાવ્યો બેટા ઘેર જા તારા બાપા બોલાવવા આવ્યા છે પછી નિરાંત મળતાં ફરી દર્શન કરજે. ઉત્સવ પૂરો થતાં બાપ-દીકરો અમદાવાદ આવ્યા. નૂરતાઈને ઘરમાં રહેવું ગમતું નથી તે સૂનો અને ઉદાસ રહેવા લાગ્યો. ત્રણ વર્ષ વીતી ગયાં. ડોસાતાઈએ પૂછ્યું બેટા તું ખાતો કેમ નથી બીમાર પડી જાઈશ. નૂરતાઈ કહે મને સહજાનંદ મહારાજના દીદાર કરવા છે. ડોસાતાઈ કહ્યું ભલે આપણે જરૂર જઈશું. છોકરો આનંદમાં આવી ગયો. એક દિવસ બંને બાપ-દીકરો ગઢપુર ગયા. શ્રી હરિ લીંબતરૂ નીચે ઢોલિયા ઉપર વિરાજમાન છે. બંને દૂર ઊભા રહ્યા. શ્રીહરિએ બંનેને પાસે બોલાવી ખબર અંતર પૂછ્યા. નૂરતાઈ પિતાને કહ્યું હું અહીં રોકાઈ જઈશ પાછો ઘેર નથી આવવું. ડોસા સમજાવે છે છોકરો ના પાડે છે. આ જોઈ શ્રી હરિ કહે ખરો જવાબ આપો આ દીકરો શું તમારો જ છે? ડોસાતાઈ કહે ના હું તેનો પાલક પિતા છું. તમારો નથી તો ના કેમ પાડો છો? ડોસાતાઈએ વિચાર કર્યો અમદાવાદમાં કોઈને ખબર નથી ને આ મહારાજને કેમ ખબર પડી કે આ મારો દીકરો નથી. પગે લાગતાં ડોસા બોલ્યા એ ખુદાનો છે. શ્રી હરિ કહે તો માંગનાર પણ ખુદા છે. તો અમને સોંપી દો. ડોસાએ નૂરતાઈનો હાથ શ્રી હરિના હાથમાં આપ્યો હે ખુદા હાથથી તમે એના માતા અને પિતા થજો ને સદાય તમારી સેવામાં એને રાખજો. તમને જ સંભારે છે ઘરમાં તો તે ઉદાસ રહેતો હતો.

નૂરતાઈમાંથી પ્રેમાનંદ

નૂરતાઈ ગઢપુરમાં રહેલા છે રોજ સંત સમાગમ અને સત્સંગ કરે છે એક વખત તેને શ્રીહરિને કહ્યું મને સાધુ થવું છે દીક્ષા આપો. શ્રીહરિએ સભામાં બેઠેલા સંતોને પૂછ્યું આ નૂરતાઈને સાધુ બનાવીએ તો કોઈને વાંધો છે ?

સંતો ચૂપ રહ્યા હા ન પાડી ને ના પણ ન કહી તેઓને એમ કે એક મુસલમાનને સાધુ બનાવવો ને આપણી પંક્તિમાં કેમ ભેળવવો. શ્રીહરિ કહે સંતો એ તમારી સાથે બેસીને જમે એટલો જ તમને વાંધો છે ને! તો જાવ અમે એને અલગ બેસાડીને જમવાની વ્યવસ્થા કરશું. એ મુસલમાન નથી એક બ્રાહ્મણનો છોકરો છે એ વાત શ્રીહરી સિવાય કોઈ જાણતા ન હતા. પછી સંતો કહે તો અમને કાંઈ વાંધો નથી પછી શ્રીહરીએ નૂરતાઈને દીક્ષા આપીને નિજબોધાનંદ સ્વામી નામ પાડયું આ નામે પણ સ્વામિએ કેટલાકં પદો રચ્યાં છે.

એક વખત મહારાજ પાસે સ્વામી કીર્તન ગાતા હતા. તેમાં ચંદ્રસખી એવું નામ આવ્યું. શ્રીહરિ કહે આ ચંદ્રસખી કોણ? સ્વામી કહે, એ રાજસ્થાનના એક મોટા ભકત હતા તેને ચંદ્રસખીના નામે ભજનોં રચીને ગાયાં છે. શ્રીહરિ કહેએ ચંદ્રસખી તો આ અમારા પ્રેમસખી. તમે હવે પ્રેમસખીના નામથી અમારાં પદો બનાવો. આમ સ્વામીના ત્રણ નામ. નિજબોધાનંદ, પ્રેમાનંદ અને પ્રેમસખી જે ખૂદ શ્રીહરિએ જ આપેલાં છે.

સંવત ૧૮૬૨માં શ્રીહરિએ ગઢપુરમાં સભામાં એક વાર્તા કહી કે એક રાજા હતો તે વેશપલટો કરી પોતાના આખા નગરમાં ફર્યો છતાં કોઈએ એને ઓળખ્યા નહિં તેમ અમે વેશપલટો કરીને અક્ષરધામથી આવ્યા છીએ ને ફરીએ છીએ છતાં પણ અમે જેવા છીએ તેવા કોઈ જાણતા નથી. સંતો કહે મહારાજ તમારી વાત ખરી છે એ રીતે અમો તમારા ગુનેગાર ગણાઈએ. સ્વામિએ આ પ્રસંગે એક કીર્તન રચીને ગાયું. “મેં તો ગુનેગાર તેરા રે ઓ સ્વામી મેરા, મેં ગુનેગાર તેરા.”

ગઢપુરમાં પૂનમિયા કૂવાની બાજુમાં સંતોને રહેવાના ઓરડા હતા. એક રાતે ત્યાં પ્રેમાનંદ સ્વામી ગાતા હતાને સર્વજ્ઞાનંદ સ્વામી તબલા વગાડતા હતા. શ્રીહરિ જાગી ગયા અરધી રાતે કોણ ગાય છે. ચાલો જોવા જઈએ. સ્વામી ગાતા હતા. “કુબજાને ઘેર જઈ રહ્યા હવે વૈકુંઠમાં શું જઈએ” એક વખત રાતે શ્રીહરિ જાગ્યા ને મુળજી બ્રહ્મચારી ને કહે અમને ભુખ લાગી છે જમવાનું જે હોય તે લાવો, બ્રહ્મચારી ગયા કંઈ તૈયાર ભોજન હતું નહીં જીવુબા લાડુબા કહે જે કહો તે બનાવી આપીએ. ગંગામાં કહે ઠુંમરો તૈયાર છે. મહારાજ જમે તો. શ્રીહરિ કહે લાવો. ગંગામાંએ ઠુંમરામાં દહિં અને ઘી ભેળવ્યું ત્રાંસ ભરીને આપ્યું. તેમાંથી શ્રીહરિ થોડુંક જમ્યાને બીજો ત્રાસં મંગાવ્યો સંતોને કહ્યું બધા ગોઠવાઈ જાવ. એક એક ત્રાંસ ફરતે આઠ આઠ સંતો ગોઠવાઈ ગયાને જમવા લાગ્યા. ભણનારા સંતો પર શ્રીહરિ ખૂબ રાજી રહેતા ને ઘણીવાર પ્રેમથી બેસાડીને જમાડતા. આ રીતે મહારાજે ઠુંમરા ઉત્સવ કરેલો.

અમદાવદમાં ડબઘરવાડી નામે એક વિસ્તાર હતો સંગીત શીખવાની પાઠશાળાઓ હતી. એક પાઠશાળાની બારીમાં ઊભા રહી નૂરતાઈ સંગીત શીખવા છોકરાને જોઈ રહેતો. એક દિવસ એક છોકરો આલાપ ચૂકયો તરત જ બારી બહાર ઉભેલા નૂરતાઈએ આલાપ ઝીલી લીધોને તાલ તૂટવા ન દીધો. માસ્તર કહે છોકરાવ આ કોણે ગાયું જાવ તેને બોલાવી આવો. બે છોકરા નૂરતાઈ ને અંદર બોલાવી આવ્યા. માસ્તરે તેનું નામ ઠામ પૂછયું ને કહે તું આ કંયાથી શીખ્યો છે. નૂરતાઈ કહે તમે ભણાવો છો એ જોઈને જ શીખ્યો છું. માસ્તર તેના પિતા ડોસાતાઈને કહ્યું તમારો છોકરો સંગીતનું સારૂ જ્ઞાન ધરાવે છે. તેને કયાંક શીખવા મોકલો તો જરૂર વધારે શીખશે. પછી ડોસાતાઈએ નૂરતાઈને વડોદરા સંગીત શીખવા મોકલેલ........

ક્રમશઃ

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ ॥ શ્રી નરનારાયણાય નમઃ ॥

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ એવં નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

**પોથીયાત્રા : સં. ૨૦૭૮, ચૈત્ર સુદ ૧, શુક્રવાર , તા. ૦૧-૦૪-૨૦૨૨, સાંજે ૩:૦૦ વાગ્યે**

**કથા પ્રારંભ પ્રથમ દિવસ : સં. ૨૦૭૮, ચૈત્ર સુદ ૨, શનિવાર, તા. ૦૨-૦૪-૨૦૨૨**

**કથા વિરામ સાતમો દિવસ : સં. ૨૦૭૮, ચૈત્ર સુદ ૭, શુક્રવાર, તા. ૦૮-૦૪-૨૦૨૨ સાંજે ૭:૦૦ વાગ્યે**

**નારાયણ યજ્ઞ : સં. ૨૦૭૮, ચૈત્ર સુદ ૮, શનિવાર , તા. ૦૯-૦૪-૨૦૨૨, સવારે ૬:૩૦**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૦૨-૦૪-૨૦૨૨ થી તા. ૦૮-૦૪-૨૦૨૨ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

---

- એક પોથીના રૂા. ૨૫,૦૦૦/– પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે. ૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.
- વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.
- ૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે પાસ આપવામાં આવશે. સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય તેમાં  પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.
- જેના નિમિતે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો  (૮ ટ૧૨ સાઇઝ) તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

**કથા સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર**
શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ. ફોન નં. ૭૫૬૭૬૦૮૦૦૦

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।

## શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ આયોજીત

# શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ

ઉપક્રમે

# મારો ઉત્સવ કચ્છના પ્રસાદીના તળાવો

### સંવત્ ૨૦૭૯ ચૈત્ર વદ–૧૩ થી વૈશાખ સુદ–૬ તા. ૧૮ થી ૨૬ એપ્રિલ - ૨૦૨૩

હમિરસરોવર (ભુજ), દેશલસર સરોવર (ભુજ), મોચીરાઈ નારાયણ તળાવ (સુખપર), નાગથડા તળાવ (સુખપર), સધુરાઈ તળાવ (ભક્તિનગર), વિચેશ્વર સરોવર (માનકુવા), પાંચા તળાવડી (ભારાસર), કંડરાઈ તળાવ (ભારાસર), ઉમરાસર તળાવ (સામત્રા), નારાયણ સરોવર, કૃષ્ણસર તળાવ (કાળા તળાવ), પ્રસાદી તળાવ (તેરા), પ્રસાદી તળાવ (બિલેશ્વર), રત્નાસર (વંગણીયો વાડાસર), પ્રસાદી તળાવ (ડોણ), કેસરીયા તળાવ (ગોધરા), ટોપણસર સરોવર (માંડવી), પ્રસાદી તળાવ (નાના આસંબિયા), હરિ સરોવર (દહિંસરા), મેઘજીરાઈ તળાવ (માધાપર), પ્રસાદી તળાવ (દેવળીયા), પ્રસાદી તળાવ (કુંભારીયા), ચકાસર તળાવ (ભીમાસર), કુંવરસર તળાવ (જુની ચીરઈ), બટીયું તળાવ (ભચાઉ), પ્રસાદી તળાવ (જંગી), ધોરીસર તળાવ (વાંઢિયા), હનિયાસર તળાવ (શિકારપુર), પ્રસાદી તળાવ ( કટારીયા), ભુટકીયા તળાવ (ભીમાસર), ગોરાસર તળાવ (ગાગોદર), નગાસર તળાવ (રાપર), અંઢસર (નવાપરા), પતાસર તળાવ (કંથકોટ), હોથીસર તળાવ (ચાંદ્રાણી), જહાંસર તળાવ (ધાણેટી), પ્રસાદી તળાવ (જરુ ખોખરા), વાંભિયુ તળાવ (લાકડીયા), ઝામોરા તળાવ (ગોડપર).

# સત્સંગ સમાચાર દેશ

## શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા સર્વજીવહિતાવહ પ્રવૃત્તિઓ

શ્રી નરનારાયણદેવની અસીમકૃપાથી તથા ભુજ મંદિરના સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા વડીલ સંતોની પ્રેરણા, માર્ગદર્શન તથા આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા સર્વજીવહિતાવહ પ્રવૃત્તિઓ દર વર્ષે યોજવામાં આવે છે.

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં ચાલુ સાલે પણ કચ્છના અંતર્ગત ગામડાંઓ, રાતાતળાવ, નરેડા, હમગખુડા, નારાયણ સરોવર, મુન્દ્રા, પ્રાગપર ભુજ પાંજરાપોળ, ડોણ, ડોણ પાટિયા, વાડી વિસ્તાર સહિત વિસ્તારોમાં ભુજ મંદિર દ્વારા ગાયોને લીલો ચારો, ભૂસો, ગોળ સરસિયાનું તેલ આપવામાં આવેલ.

ગાયોને ૭૦ ગૂંણી ભૂસો, ૨૦૦૦ કિલો ગોળ, ૮ ડબા સરસીયાનું તેલ આપવામાં આવેલ. લીલો ચારો, લીલી મકાઈની સાત ગાડીઓ ચારો ગાયોને આપવામાં આવેલ. કૂતરાઓને ૬૦ કિલો બિસ્કીટનું વિતરણ કરવામાં આવેલ.

ઠંડીની સીઝન હોતાં, ડોણ ગામ, ડોણ પાટિયા, રસલીયા, ખોભંડી (ઘનશ્યામ નગર), મઉ તથા વાડી વિસ્તારમાં શાળામાં ભણતા નાનાં બાળકોને ૮૦૦ જાકીટ, ૧૫૦૦ કામળા, ૧૦૦૦કી. ઘંઉનો લોટ, ૫૦૦ કિલો મગની દાલ, ૩૦૦ કિલો તેલ તથા ૪૦ તાલપત્રીઓ, અડદીયાનો પ્રસાદનું ગરીબ લોકોને વિતરણ કરાયું હતું.

આ લોકાપિયોગી તથા સર્વજીવહિતાવહની પ્રવૃત્તિઓમાં ભુજ મંદિરના સંતો પૈકી સ્વામી ભક્તિચરણદાસજી, સ્વામી ત્યાગવલ્લભદાસજી, સ્વામી સરયૂદાસજી અને પાર્ષદ માવજી ભગત જોડાયા હતા. સંતોની સાથે સામત્રા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો હર્ષદ ભીમજી, પુરુષોત્તમ માવજી, કાન્તિ માવજી, વસંત માવજી આદિ હરિભક્તોએ સહયોગ આપેલ હતો.

ઉપરાંત નવચેતન અંધ મંડળ માધાપરમાં ૨૮૦ પેકેટ ચવાણું, અળદિયા, ગરમટોપલા, મોજાનું વિતરણ કરવામાં આવેલ. રેનબસેરા સંસ્થામાં તથા ભુજીયા તળેટીમાં આવેલ સંસ્થાના દિવ્યાંગ બાળકોને પણ ચવાણું ગરમ ટોપલા, મોજા ફ્રુટસ ભુજ મંદિર દ્વારા આપવામાં આવેલ.

## ધનુર્માસ સમાપ્તિ એવં અન્નકૂટ ઉત્સવ

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ધનુર્માસ એક વિશેષ ઉત્સવના રૂપમાં ઉજવવામાં આવે છે. આ માસમાં ભગવાનની ભક્તિ ૧૬ કળાએ ખીલી ઉઠે છે. આ માસમાં ૧૪ વિદ્યા અને ૬૪ કળાનો અભ્યાસ કરવા શ્રીઠાકોરજી વહેલા જાય છે. સંપ્રદાયની પરંપરા મુજબ ૧ મહિનો શ્રી ઠાકોરજીના થાળમાં વિવિધ પ્રકારની વાનગીઓ ધરાવવામાં આવે છે. આ સમય દરમ્યાન કોઈ પણ માંગલિક પ્રસંગો એક મહિના સુધી થતા નથી લોકમાં જેને કમૂર્તા કહે છે તેથી આ સમય દરમ્યાન ભજન ભક્તિ કરી ભગવાનને રાજી કરવા સનાતન હિન્દુ ધર્મ પરંપરા છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા આ ઉત્સવ ખૂબ ભવ્યતાથી ઉજવવામાં આવ્યો. શ્રી ઠાકોરજીની શણગાર આરતી બાદ સર્વે સંતો અને

હરિભકતો ઠાકોરજી આગળ બેસીને ખૂબ પ્રેમથી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન વાજીંત્રો અને નૃત્ય સાથે કરી. ધૂન કર્યા બાદ ઠાકોરજીની રાજભોગ આરતી કરીને સર્વે હરિભકતો ને મહાપ્રસાદ આપવામાં આવ્યો.

તા.૧૪-૦૧-૨૦૨૨ મકરસંક્રાંતિના પૂણ્યકાળના દિવસે શ્રી ઠાકોરજી આગળ અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. જેનાં યજમાન પદે પ.ભ. ધનજીભાઈ વેલજી ભૂડિયા, ધ.પ. લક્ષ્મીબેન, સુપુત્ર હરીશ ભુડીયા ધ.પ.મીનાક્ષીબેન પોત્ર ધ્રુવ તથા જય, સુપુત્ર વિજય ભુડિયા ધ.પ. રીનાબેન પોત્રી સિયા તથા પોત્ર રીશી.

આ ધનુર્માસની ભવ્ય ઉજવણી સાથે ઉત્સવ ઉજવણીના સહભાગી થનારા સૌ હરિભકતોનું તથા પ.ભ.લક્ષમીબેન ધનજી ભુડીયા તથા નયનાબેન લક્ષ્મણ હિરાણી ના જન્મદિવસ નિમિત્તે ભુજ મંદિરના જુદા જુદા વિભાગના કર્તવ્ય નિષ્ઠ મુખ્ય સંચાલકો તમામ વિભાગના સેવાભાવી કર્મચારીઓનું સન્માન પૂ.મહંત સ્વામી તથા વડિલ સંતોના વરદ્ હસ્તે કરવામાં આવેલ. મંદિરના તમામ કર્મચારીગણને સન્માનના પ્રતિક ભેટ રૂપ જેકેટ, કંઠી અને પુષ્પ માળા આપવામાં આવેલ. જે ભેટના દાતા તરીકે પ.ભ. ધનજીભાઈ વેલજી ભુડીયા રહ્યા હતા. આ રીતે ધનુર્માસ ઉત્સવની રંગેચંગે સમાપ્તિ કરવામાં આવી હતી.

## ત્રિ-રાત્રીય સત્સંગ સભા

શ્રી રામાનંદ સ્વામી દ્વારા સ્થાપિત આ ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધૂરા શ્રી સહજાનંદ સ્વામી એ સ્વીકારી પોતાના સ્વહસ્તે મંદિરોના નિર્માણ કરીને સ્વસ્વરૂપોની પ્રતિષ્ઠા કરી. “કચ્છ દેશને તારવા કાજે પધરાવ્યા શ્રી નરનારાયણ નાથે.”

આપણા સંપ્રદાયમાં ભુજ મંદિરનું સ્થાન અજોડ છે. જે સંત પરંપરા બ્રહ્માનંદ સ્વામીથી શરૂ થઈ. આપણા ભુજ મંદિરના બીજા મહંત સ.ગુ. સ્વામી અક્ષરજીવનદાસજીએ હરિભકતોને સત્સંગમાં દૃઢ પ્રીતિ થાય અને ધર્મનિષ્ઠામાં વધારો થાય તેના માટે ઉપદેશ આપતો પત્ર કચ્છ દેશને સત્સંગિઓ પ્રત્યે લખ્યો તેને આપણા સત્સંગમાં “અક્ષરજીવનદાસજી સ્વામીનો પત્ર” રીતે જાણીએ છીએ, આજ પર્યંત આ પત્ર દર એકાદશીના દિવસે આપણા કચ્છ સત્સંગના દરેક મંદિરોમાં વંચાય છે.

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં અને સ્વામીના આ પત્રને ૧૨૫ વર્ષ પૂર્ણ થતાં ભુજ મંદિર દ્વારા ત્રિ રાત્રીય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાના વકતા પદે સ્વામી રામકૃષ્ણદાસજી, સ્વામી શ્યામકૃષ્ણદાસજી અને શા. સ્વામી ગોલોકવિહારીદાસજી રહ્યા હતા. સંચાલન સ્વામી કપિલમુનિદાસજીએ કર્યું હતું.

સંપૂર્ણ કથા ભુજ મંદિર ના યૂ-ટ્યૂબ ચેનલ પર જીવંત પ્રસારણ કરવામાં આવી હતી. જેનાથી દેશ-વિદેશના વસતા હરિભકતોએ ખૂબ લાભ લીધો હતો.

## પ્રભાત ફેરી

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં ભુજ મંદિરના મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડિલ સંતોનો આજ્ઞા સહ આશીર્વાદથી દર મહિનાની સુદ - ૫ ના દિવસે દરેક કચ્છ સત્સંગના ગામોમાં પ્રભાત ફેરી કાઢવામાં આવે છે. પ્રભાત ફેરીમાં ખૂબ મોટી સંખ્યામાં સંતો, યુવકો, યુવતીઓ અને સાંખ્યોગી બહેનો સાથે રહી નગર જનોને સ્વામિનારાયણ જેવા અમૂલ્ય મહામંત્રનો લાભ આપ્યો હતો.

આ પ્રભાત ફેરી શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં ખૂબ ભજન

ભક્તિ થાય તે હેતુ થી દર મહિને કાઢવામાં આવી રહી છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક - યુવતી મંડળના સભ્યોએ કરી હતી.

## ભુજ મંદિરના સંતનું સન્માન

ભુજ મંદિરના ૨૦ જેટલા સંતોએ સંસ્કૃતની



પ્રવેશ પ્રથમાની પરીક્ષામાં ઉત્તીર્ણ થાયેલ વિદ્યાર્થી સંતોને મહંત સ્વામી દ્વારા પ્રમાણ પત્રો અપાયા હતા. આ કાર્યક્રમનું સંચાલન વિભાકરભાઈ અંતાણીએ કર્યું હતું. આભારવિધી વારીસ પટણીએ કરી હતી.

## ધનુર્માસ ઉત્સવ- માંડવી

માડંવી મંદિરે તા.૧૬-૧૨-૨૦૨૧ થી ૧૪-૦૧-૨૦૨૨ દરમિયાન ચાલતા ધનુર્માસ દરમિયાન શ્રી ઠાકોરજીના થાળ વહેલી સવારે ધરાવાયા હતા અને આ દરમિયાન સૌ સંતો ભક્તો સાથે મળી વાજીંત્રો સાથે શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂનનું આયોજન કરાયું હતું. માંડવી વિસ્તારમાં ચાલતાં યુવક મંડળના યુવાનો વારાફરતી દરરોજ ધૂન ગવડાવી હતી. મોટી સંખ્યામાં ભક્તો ધૂન બોલવાનો તેમજ ધૂન સેવા નોંધાવી લાભ લીધો હતો. દેશ વિદેશના હજારોની સંખ્યામાં ભક્તો ધૂનના દૈનિક, ૨,૩,૫,૭,૧૫,૩૦ દિવસના યજમાન બની સેવા નોંધાવનારને સ્કૂલબેગ અર્પણ કરાઈ હતી. દરેક સેવાકરનાર ભક્તો ઉપર માંડવી મંદિરના મહંત સ્વામી સહિત સર્વે સંતોએ રાજીપો વ્યક્ત કર્યો હતો અને સત્સંગમાં આગળ વધવા ભલામણ સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

## ભારાપર મધ્યે પંચદિનાત્મક પારાયણ

તા.૨૫-૧૨-૨૦૨૧ થી ૨૯-૧૨-૨૦૨૧ દરમિયાન ભારાપર શ્રી સ્વામિનારાયણ મંદિર મધ્યે આજે મારે ઓરડે રે, કીર્તનના ૪ પદ ઉપર પાંચદિવસની પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. યજમાન પદે સાં.યો. રમીલાબેન હિરાણી રહ્યા હતા. શા.સ્વામી અક્ષરમુનિદાસજી તથા પુરાણી સ્વામી દેવવિહારીદાસજીએ સંગીતના સથવારે શ્રોતાઓને મુગ્ધ કર્યા હતા. પારાયણ દરમિયાન માંડવી નગરે શ્રીહરિ આગમન, રાસોત્સવ તેમજ શ્રીહરિ રાજાધિરાજ થયા આદિ ઉત્સવો ઉત્સાહ પૂર્વક ઉજવાયા હતા. આ પ્રંસગે ભુજ ચોવિસીના સાં.યો. બહેનો ભુજ મહિલા મંદિરના મહંત સામબાઈ ફઈ સહિત અનેક બહેનો પધાર્યા હતા. ભુજ અંજારથી સંતો પધારી દર્શન આશીર્વાદ પાઠવ્યા હતા.

યજમાનવતી એમના પિતા પ.ભ. જેન્તિલાલ હરજી હિરાણી સપરિવાર સહયોગી રહ્યો હતો.

## પુરશ્ચરણ પર્વ એવં શ્રી સ્વામિનારાયણયાગ મહોત્સવ

માંડવી મધ્યે તા.૨૬-૧૨ થી ૨૯-૧૨-૨૦૨૧ દરમિયાન શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રીજનમંગલ પુરશ્ચરણ પર્વનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

તેમજ પવિત્ર વિદ્વાન ભૂદેવો દ્વારા માગશર વદ-૧૧ ના રોજ સ્વામિનારાયણ

મહામંત્રનું પુરશ્ચરણ કરવામાં આવ્યું હતું.

ભાવિકો તા. ૧૩-૦૧ અને ૧૪-૦૧-૨૦૨૨ ૨ દિવસ સ્વામિનારાયણયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યજ્ઞનો લાભ લીધો હતો. માંડવી મંદિરના મહંત સ.ગુ.પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી તથા સ.ગુ.પુરાણી સ્વામી હરિબળદાસજી એવં વિદ્વાન ભૂદેવોની પવિત્ર ઉપસ્થિતિમાં આ મહોત્સવ સંપન્ન થયો હતો.

## પુનમનગર (માંડવી) મધ્યે શાકોત્સવ

તા.૨૬-૧૨-૨૦૨૧ ના રોજ માંડવી વિસ્તારમાં આવેલ પુનમનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પુરાણી સ્વામી ધર્મવિહારીદાસજી એ સુંદરશૈલીમાં શાકોત્સવ કથાનું રસપાન કરાવ્યું હતું. ત્યારબાદ યજમાન પરિવાર સાથે સંતોના વરદ હસ્તે સુંદર વૈતાકના શાકનો વઘાર કરવામાં આવ્યો હતો.

પ.ભ.રમેશભાઈ સવાણી, મયુરભાઈ રાબડીયા, બિપીનભાઈ હીરપરા, મયુરભાઈ કોટડીયા, પીયુષભાઈ કોટડીયા, સુનિલભાઈ નકુમ આદિ ભકતોએ યજમાનપદનો લાભ સ્વીકાર્યો હતો. કાર્યક્રમનું સંચાલન શા.સ્વામી સર્વમંગલદાસજીએ કર્યું હતું.

સમગ્ર વ્યવસ્થા પુનમનગરના સંચાલક મંડળે સંભાળી હતી.

## શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ - માંડવી

તા.૦૩-૦૧-૨૦૨૨ થી ૦૯-૦૧-૨૦૨૨ દરમિયાન માંડવી મંદિરમાં માંડવી મંદિરના મહંત સ.ગુ.પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. મુકુંદજીવનદાસજી, સ.ગુ.પુરાણી હરિબળદાસજી આદિ સંતોના સાનિધ્યમાં શ્રીવૃન્દાવનવિહારી હરિકૃષ્ણ મહારાજની કૃપાદૃષ્ટિ હેઠળ યોજાઈ ગઈ. તા.૦૩-૦૧-૨૦૨૨ ના સવારે ગણેશ સ્થાપન બાદ ૮ વાગ્યે શ્રી ઠાકોરજી પાસેથી પોથીઓનું પૂજન કરી વાજતે ગાજતે મંદિરને પ્રદક્ષિણા કરી શ્રી સહજાનંદ સભામંડપમાં પધારી હતી.

૧૪૦ પોથીઓની સ્થાપના પૂજન બાદ દીપપ્રાગટય કરી કથાની શરૂઆત કરવામાં આવી હતી. કથા ૩ સંતો વારાફરતી સંભળાવી હતી જેમાં પુ. સ્વામી ધર્મવિહારીદાસજી, શા. સ્વામી અક્ષરમુનિ દાસજી, પુ. સ્વામી દેવવિહારીદાસજી રહ્યા હતા. સંગીતના સથવારે કથા હોવાથી સ્વામી ભક્તિવેદાંતદાસજી, સ્વામી દેવપ્રિયદાસજી તથા પાર્ષદ નારણભગત આદિ સંતો પાર્ષદો ભકતો રહ્યા હતા.

બીજા દિવસે ૧૫૧ ભૂદેવોને મહાપ્રસાદ, અન્નવસ્ત્રદાન, તથા દક્ષિણા અપાઈ હતી. ભૂદેવો જ ભારતીય સંસ્કારો અને પરંપરાથી ચાલી આવતી કર્મકાંડ પ્રક્રિયા સાથે હિન્દુ વૈદિક ધર્મને બચાવ્યો છે આવી ભાવના વ્યકત કરાઈ હતી.

૧૪૦ પોથીઓને વિદ્વાન ભૂદેવો દ્વારા શ્રીમદ્ ભાગવતનો પંચમ સ્કંધ તથા દશમ સ્કંધની મૌન પારાયણ ૩૫ ભૂદેવોએ કરી અર્પણ કરવામાં આવી હતી. પ્રથમદિવસે સાંજે કથા દરમિયાન શ્રી નરનારાયણ ભગવાનના પૂજનનો ઉત્સવ કરવામાં આવ્યો હતો. જેના યજમાન પ.ભ. રમેશભાઈ રવજી પિંડોરીયા – માધાપર હાલ નૈરોબી રહ્યા હતા. બીજા દિવસે ધનવંતરી ભગવાનનો પ્રાગટય ઉત્સવ કરવામાં આવ્યો હતો. જેના યજમાન પદે પ.ભ.મિતેશભાઈ વાલજી તથા હિતેશભાઈ વાલજી હાલાઈ દહિંસરા બોલ્ટન રહ્યા હતા. ત્રીજા દિવસે ભગવાન શ્રીરામનો પ્રાગટય ઉત્સવ કરવામાં આવ્યો હતો. જેના યજમાન પદે પ.ભ. કલ્યાણભાઈ કરસન કેરાઈ સુપુત્ર મનસુખભાઈ

વેકરીયા વેકરા નૈરોબી સપરિવાર રહ્યા હતા. ચોથા દિવસે શ્રી કૃષ્ણ પ્રાગટ્ય ઉત્સવ કરવામાં આવ્યો હતો જેના યજમાન પદે પ.ભ. કેશવભાઈ દીપક સેંઘાણી નારણપર નૈરોબી રહ્યા હતા. અને છઠા દિવસે ઋક્ષ્મણી વિવાહ ઉત્સવ ઉજવાયો હતો જેના યજમાન પદે પ.ભ. ધનસુખભાઈ રવજી વરસાણી કોડકી કીસુમુ રહ્યા હતા અને ૫ દિવસે રાસપંચાધ્યાય અંતર્ગત રાસોત્સવ રમાયો હતો જેના યજમાન પદે પ.ભ. પ્રેમજીભાઈ દેવજી વેકરીયા સુપુત્ર દીપકભાઈ નારણપર સીડની રહ્યા હતા. આમ દરરોજના ઉત્સવો સાથે મહાપૂજા તથા મહા આરતીનો કાર્યક્રમ પણ યોજાયો હતો. સાતે દિવસ ગાયોને ચારો નિરાયો હતો.મૂંગા બેરાં તથા મગજના અસ્થિર બાળકોને ૭ દિવસે ભોજન અપાયું હતું અને કુતરાને રોટલા, પક્ષીઓને ચણ ૭ દિવસ અપાયું હતું. આ પ્રસંગે ભુજ, અંજાર તથા ગુરુકુળોમાંથી સંતો પધારી દર્શન આશીર્વાદ પાઠવ્યા હતા. કચ્છ ચોવિસીના ગામોમાંથી સાં.યો.બહેનો પણ પધાર્યા હતાં.

દરરોજ સવાર સાંજ પોથીના યજમાનોએ પૂજનનો લાભ લાઈ ધન્ય થયા હતા. છેલ્લા દિવસે તા. ૦૯-૦૧-૨૦૨૨ ના સવારની કથા બાદ શ્રી નારાયણયજ્ઞનું આયોજન કરાયું હતું. યજમાનશ્રીઓ લાભ લઈ ધન્ય થયા હતા.

માંડવી મંદિરના મહંત સ્વામી, સ.ગુ. સ્વામી હરિબળદાસજી, પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી આદિ સંતોએ પોતાના રૂડા આશીર્વાદ સૌ હરિભક્તોને પાઠવ્યા હતા.

છેલ્લા દિવસે ભૂદેવોનું સંતો તથા યજમાનો દ્વારા પૂજન અન્ન વસ્ત્રનું દાન કરાયું હતું. રાસનકીટના યજમાન પ.ભ. માવજીભાઈ લાલજી વેકરીયા-પિયાવા માંડવી સપરિવાર રહ્યો હતો. અને વસ્ત્ર મહાપ્રસાદના યજમાન પ.ભ. ધનજીભાઈ વેલજી ભુડીયા-સુખપર સપરિવાર રહ્યો હતો. અને સંતો સાથે રહી સેવા અર્પણ કરાઈ હતી. કથાનું ભુજ મંદિર યુ-ટયૂબ ચેનલ તથા માતૃછાયા કેબલમાં જીવંત પ્રસારણ કરાયું હતું. સંચાલન કો.શા.સ્વામી અક્ષરપ્રિયદાસજી તથા કો. શા.સ્વામી સર્વમંગલદાસજીએ સંભાળ્યું હતું. પહેરામણી તથા અન્ય વ્યવસ્થા સ્વામી રામપ્રિય દાસજીએ સંભાળી હતી.

## નાગલપર - પંચાહ્ન પારાયણ

તા. ૧૨-૦૧-૨૦૨૨ થી ૧૬-૦૧-૨૦૨૨ દરમિયાન નાગલપર વાડી વિસ્તારમાં પ.ભ. સામજીભાઈ જાદવા ભંડેરી સુપુત્ર રમેશભાઈ તથા સુરેશભાઈ સપરિવાર દ્વારા એમની વાડીએ ૫ દિવસની શ્રીહરિલીલામૃત કળશની કથાનું આયોજન કરાયું હતું. પહેલા દિવસે શ્રી ઘનશ્યામ પ્રાગટય બીજા દિવસે રાત્રીય સભા ત્રીજા દિવસે રાજાધિરાજ ઉત્સવ તથા ચોથા દિવસે રાસોત્સવનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ભુજ - અંજાર પ્રસાદી મંદિરથી તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાંથી સંતો પધારી દર્શન આપી આશીર્વાદ પાઠવ્યા હતા. સ્વામી અક્ષરમુનિદાસજી તથા સ્વામી દેવવિહારીદાસજીએ પોતાની શૈલીમાં કથારસનું પાન કરાવ્યું હતું. છેલ્લે દિવસે હોમ કરી સંતો હસ્તે શ્રીફળ હોમી સમાપન કરાયું હતું. માંડવી મંદિરના મહંત સ્વામીએ યજમાન પરિવાર તથા ચાર કાંધાના હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. યજમાન પરિવારે માંડવી ભુજ, અંજાર તથા ગુરુકુળોને ભેટ અર્પણ કરી રાજીપો મેળવ્યો હતો. માંડવી મંદિર દ્વારા પહેરામણી કરવામાં આવી હતી અને આનંદ પૂર્વક ઉત્સવ પૂર્ણ થયો હતો. સંચાલન સ્વામી અક્ષરપ્રિયદાસજી તથા સ્વામી સર્વમંગલદાસજીએ સંભાળ્યું હતું.

## શ્રીહરિચરિત્રામૃતસાગર પંચાહ્ન પારાયણ

તા.૧૬-૦૧-૨૦૨૨ થી ૨૦-૦૧-૨૦૨૨ દરમિયાન માંડવી રાયણના પ.ભ. મેઘજીભાઈ દેવજી વેકરીયા પરિવાર દ્વારા આધારાનંદસ્વામી વિરચિત શ્રીહરિચરિત્રામૃત ગ્રંથની ૫ દિવસની કથા યોજાઈ હતી. સ્વામી સર્વમંગલદાસજી, સ્વામી દેવવિહારીદાસજી બન્ને વકતા સંતોએ પોતાની શૈલીમાં કથા રસપાન કરાવી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. યજમાન પરિવારને પૂજ્ય મહંત સ્વામીએ ભલામણ સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. અને મંદિર તરફથી યજમાનશ્રીઓને પહેરામણી કરાઈ હતી.

અહેવાલઃ- કો.શા.સ્વામી સર્વમંગલદાસજી

## શાકોત્સવ તથા ધનુર્માસની પૂર્ણાહુતિ-અંજાર

અંજાર શહેરના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં એક માસ સુધી ચાલેલા ધનુર્માસની પૂર્ણાહુતિ ભક્તિ ભાવ પૂર્વક કરવામાં આવી હતી. તથા તા.૦૯.૦૧ના રોજ શાકોત્સવનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા પૂજ્ય સંતોનાં માર્ગદર્શન હેઠળ કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળનાં હરિભકતોએ સપ્તાહથી તડામાર તૈયારીઓ કરી હતી. શાકોત્સવ માટેનાં આ કાર્યક્રમમાં યજમાન તરીકે અંજારના હાલે લંડનના પ.ભ.શ્રી ડો.એચ.વી. કેરાઇ ધ.પ. પુષ્પાબેન, સુપુત્ર નરેશભાઇ, ધ.પ. રમીલાબેન, પૌત્ર દિલન, પૌત્રી ત્રિશ્ના, સુપુત્ર રાજેશભાઇ, ધ.પ. રમાબેન, પૌત્રી પ્રિશા, પૌત્ર શિવકુમાર આદિ સહ પરિવાર રહેલ.

સંચાલક શા. સ્વામી દેવચરણદાસજીએ આયોજન શા માટે કરવામાં આવે છે તે અંગે જણાવ્યું હતું કે, મહારાજે ઉત્સવ પરંપરાને પરિશુદ્ધ વૈદિક અને સાત્ત્વિક રીતે ઉજવવાની રીતી જાતે ઉત્સવો ઉજવીને બતાવી છે હરિભકતોને તેનો મહિમા સમજાય તેની સ્મૃતિ નિમિત્તે અંતકાળે શ્રી હરિની સ્મૃતિ થઇ આવે આવું પ્રયોજન છે અને તેની સાથે હરિભકતોને આનંદ કરાવવા અને લાડ લડાવવાનો આશય છે આવા ઉત્સવો પૈકી "લોયામાં" શ્રીજી મહારાજે ઉજવેલા શાકોત્સવને સ્મરણીય બનાવવા અંજાર સ્વામિનારાયણ મંદિર દ્વારા દર વર્ષે આ ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવેછે.

વકતા પદે શા.સ્વામી દેવનંદનદાસજી રહ્યા હતા. સ.ગુ. પુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ.પુ. સ્વામી શાંતિપ્રિયદાસજી, આદિ સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા, ભક્તોને કોવિડ-૧૯ કોરોના મહામારીને કારણે સંક્રમણ વધે નહિં તે માટે સમૂહ પ્રસાદને બદલે ૬૦૦૦ થી વધુ ટીફીન ઘેરઘેર પહોંચાડી પ્રસાદ અપાયો હતો. આ ઉત્સવમાં બાજરાના રોટલા બનાવવા માટે વહેલી સવારમાં ૧૦૦ જેટલા ગૃહસ્થ બહેનો દ્વારા ૬૦૦ કિલો બાજરાના લોટના રોટલા બનાવવામાં આવ્યા હતા. તથા એ નોધવું ઘટે કે યજમાન તરીકે અંજાર હાલે લંડનના પ.ભ.શ્રી ડો.એચ.વી. કેરાઇ સાહેબે પોતાના જન્મદિવસ પ્રસંગે સેવાભાવી ભકતોને ગીફટ આપી સન્માનિત કર્યા અને પોતાનું વકતવ્ય આપ્યું હતું, તથા ઠાકોરજીને ચાંદીની પાલખી પણ અર્પણ કરી આ શાકોત્સવ ભવ્ય તથા યાદગાર બનાવેલ હતો. તથા આ પ્રસંગે ભુજથી શાકોત્સવના નિમંત્રણને માન આપી સ.ગુ.સ્વામી સનાતનદાસજી, સ.ગુ.સ્વામી નિરન્નમુકતદાસજી, સ.ગુ.સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ.સ્વામી દેવપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સ.ગુ.સ્વામી જગતપાવન દાસજી, સ્વામી સૂર્યપ્રકાશદાસજી, પુ.સ્વામી પરમેશ્વરસ્વરૂપ દાસજી આદિ સંતો પધારેલ હતા.

ધનુર્માસ ધૂનની પૂર્ણાહુતિ તા.૧૪-૦૧

મકરસંક્રાંતિએ સર્વે ધૂનમાં વહેલા પધારતા હરિભક્તોને મહાપ્રસાદ આપીને રાજી કરેલ હતી. એ નોધવું ઘટે કે રોજ નવાનવા મહાપ્રસાદ કોઠારી સ્વામી શ્રીજીનંદનદાસજી, કોઠારી પુ. સ્વામી શાંતિસ્વરૂપ દાસજી, આદિ સંતની દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો.

સમગ્ર આયોજન અંજાર મંદિરના વડીલ સ.ગુ.પુ.સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ.પુ. સ્વામી શાંતિપ્રિયદાસજી, પુ.સ્વામી અદ્ભુતચરણ દાસજી, કોઠારી સ્વામી શ્રીજીનંદનદાસજી, પુ. સ્વામી શાંતિસ્વરૂપદાસજી, આદિ સંત મંડળના શુભ સંકલ્પથી તથા માર્ગદર્શન મુજબ આ પ્રસંગો યોજાયેલ સંચાલકશ્રી પુ.સ્વામી દેવનંદનદાસજી આદિ સંતો, બહેનોના મહંત સાં.યો. ત્રીવેણીબાઇ ઠકકર, સાં.યો. મંજુલાબાઇ સાંખલા આદિ સાં.યો. બહેનો તથા આ માસમાં સાથ આપનાર યુવક તથા યુવતી મંડળની સેવાને પણ બિરદાવી હતી. આમ નાની નાગલપર તથા અંજાર શહેરના યુવાનો તથા બહેનો આદિ ભકતજનોએ ખૂબજ તનતોડ મહેનત કરી મહારાજને રાજી કર્યા હતા.

-અહેવાલ, ઠકકર મેહુલભાઇ પ્રવિણચંદ્ર (અંજાર)

## ચતુર્થ વાર્ષિક પાટોત્સવ- મુન્દ્રા

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દિ મહોત્સવના ઉપલક્ષમાં તા.૨૬-૧૨-૨૦૨૧ માગસર વદ-૭ રવિવાર ભુજ મંદિરના મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશ દાસજી, સ.ગુ.કો.પાર્ષદ જાદવજી ભગતની આજ્ઞાથી અને આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર મુન્દ્રાનો ચતુર્થ વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ ઉત્સવના યજમાન પદે સાં.યો.સામબાઇ ફઇની પ્રેરણાથી અ.નિ.લાલજી કાનજી વરસાણી હસ્તે ભાવેશ તથા મુકેશ સમગ્ર પરિવાર ગામ કેરાનો રહ્યો હતો. આ પ્રસંગે ભુજ મંદિરથી, અંજાર મંદિરથી ૧૭ જેટલા સંતો પધાર્યા હતા. સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કથા કર્યા બાદ સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા સ.ગુ.સ્વામી શ્રીહરિદાસજી આદિ મહાન સંતોના આશીર્વાદ બાદ ભવ્યાતિભવ્ય શાકોત્સવ ઉજવવામાં આવ્યો હતો.સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી આશીર્વચનમાં કહ્યું હતું કે મંદિરને આજે ચાર વર્ષ પૂરા થાય છે પણ કેરા-કુંદનપરના સાં.યો.બહેનોના સમાગમ અને સત્સંગના પ્રભાવથી સત્સંગ બહુજ ફુલ્યો ફાલ્યો છે. આ સત્સંગની વૃદ્ધિને જોઇને બહુજ રાજી થયા હતા. અત્યારે ધનુર્માસ ધૂનમાં મંદિર સાંકળુ થવા લાગ્યું છે. ત્યારબાદ મંદિરના પટાગણમાં હરિકૃષ્ણ મહારાજનો પંચામૃતથી અભિષેક કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કેરા-કુંદનપર, નારણપર, મેઘપર આદિ ગામોથી સાં.યો.બહેનો પધારી અને આનંદમાં અભિવૃદ્ધિ કરી હતી. ત્યારબાદ નિજમંદિરમાં સુંદર વ્યંજનો, પકવાનો, મિષ્ટાનો, જ્યુસ આદિ ઠાકોરજી સમક્ષ અન્નકૂટના રૂપમાં ધરાવવામાં આવ્યો હતો અને દિવ્યદર્શન લોકોને કરાવ્યા હતા. સંતો અને સત્સંગી યજમાનના વરદ હસ્તે અન્નકૂટની મહાઆરતી ઉતારી હતી. ત્યાર બાદ સૌ હરિભક્તો માટે પાટોત્સવ અને શકોત્સવ નિમિત્તે મહાપ્રસાદની વ્યવસ્થા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા યુવતી મંડળે તથા કેરાના સ્વયંસેવકોએ કરી હતી. વિશેષમાં મુંદ્રા મંદિરના ટ્રસ્ટી મંડળે જવાબદારી પૂર્વક આ કાર્ય સંભાળ્યું હતું. સભાનું સંચાલન સ્વામી પુરષોત્તમસ્વરૂપ દાસજીએ કર્યુ હતુ. સંગીતકાર તરીકે સ્વામી શ્રીજીનંદનદાસજીએ આપી હતી.

અહેવાલઃ- સાં.યો.બહેનો

## ૭૩માં ગણતંત્ર દિન શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર

તા. ૨૬/૦૧/૨૦૨૨ના રોજ શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરના પ્રાંગણમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવેલ હતી.

સવારે ૮:૩૦ કલાકે કાર્યક્રમની શરૂઆત સંસ્થાનાં પ્રમુખશ્રી રામજીભાઈ વેકરીયાનાં અધ્યક્ષ સ્થાને કરાઈ હતી. સૌ પ્રથમ શાળાની દિકરીઓ દ્વારા શાળાના ટ્રસ્ટીશ્રીઓનું પરેડ દ્વારા સ્વાગત કરાઈ ધ્વજ વંદન તેમજ રાષ્ટ્રગાન કરાયું. ત્યારબાદ સમૂહ પ્રાર્થનાનું ગાન કરાયું. શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા સમૂહગીત ગાવામાં આવ્યું. ત્યારબાદ પધારેલ સંસ્થાનાં ટ્રસ્ટીશ્રીઓનું સ્વાગત આચાર્યાશ્રી દક્ષાબેન પિંડોરીયા દ્વારા કરવામાં આવ્યું. શાળાના શિક્ષિકા અંકિતા બહેન તથા વિદ્યાર્થિની વરસાણી સુષ્ટિએ પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું.

સંસ્થાના મંત્રીશ્રી પ્રવિણભાઈ પિંડોરીયા દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરાયું હતું. કૉલેજના આચાર્યાશ્રી રીટાબેન રાણીગા દ્વારા ઉપસ્થિત સર્વેનો આભાર વ્યકત કરી બધા છૂટા પડયા હતા. આ વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખી સરકારશ્રીની ગાઈડ લાઈનને અનુસરીને ખુબ સારી રીતે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષિકા શ્રી દિવ્યાબહેન ચીખલીયા દ્વારા રસાળ શૈલીમાં પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

## ૭૩માં પ્રજાસત્તાક દિન શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ - માનકુવા

શ્રી સહજાનંદ ગુરુકુળ–માનકુવા ખાતે આજરોજ શા.સ્વામી ગોલોવિહારીદાસજીના અધ્યક્ષ સ્થાને ૭૩માં પ્રજાસત્તાક દિનની કોવિડ ૧૯ નિયમો પ્રમાણે હોંશભેર ઉજવણી કરવામાં આવી હતી,સંતો અને ટ્રસ્ટીઓના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.વિધાર્થીઓ દ્વારા પરેડ,દેશભક્તિગીત તેમજ ભગતસિંહ ની વિરગાથા નાટક સ્વરૂપે રજૂ કરવામાં આવી હતી.રમત–ગમત ક્ષેત્રે રાષ્ટ્રીય તેમજ રાજ્ય કક્ષાએ વિજેતા થયેલા વિદ્યાર્થીઓ ને સંતો તેમજ ટ્રસ્ટીઓ શ્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

આજના પ્રસંગે સંસ્થા ના સંચાલક સ્વામી શા. સ્વામી ગોલોકવિહારીદાસજી, શા.સ્વામી આનંદસ્વરૂપદાસજી, ટ્રસ્ટીશ્રી લક્ષ્મણભાઈ શિયાણી, રામજીભાઈ દબસિયા, લાલજીભાઈ દબાસિયા, મનજીભાઈ કેરાઈ, ડારેકટરશ્રી ડો.ચિંતન આર્ય,આચાર્યશ્રી મદનસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ ને સફળ બનવવા વિપુલભાઈ રાવલ, વેદાંત ભાઈ ધનાણી, બ્રિજેશભાઈ દરજી એ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુખદેવ સિંહ જાડેજા એ કર્યું હતું.

### ખાશ કરીને ગ્રાહકો માટે અગત્યની સૂચના

શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશના ગ્રાહકોને જણાવવાનું કે ‘ધર્મસંદેશ’ વોટ્સએપથી મેળવવા આપ આપનું નામ, ગ્રાહક નંબર (અંકના કવર – રેપર પર દર્શાવેલ હોય છે) ગામનું નામ અને આપના મોબાઈલ નંબર વિના વિલંબે (૭૫૬૭૬૦૪૦૦૦) આ નંબર ઉપર મોકલી આપશો. પોસ્ટની સાથે આપના ફોનમાં પણ આ ધર્મસંદેશ અંક મોકલી આપવામાં આવશે.

# સત્સંગ સમાચાર વિદેશ

## શ્રી પૂ.આ.સ. સ્વામિનારાયણ મંદિરનો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો - નૈરોબી

શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિરના ૨૨માં તેમજ મૂળ સ્થાપનાના ૭૭માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે તા. ૨૦/૧૨ થી તા.૨૬/૧૨/૨૦૨૧ સુધી શ્રીમદ સત્સંગિજીવન ધર્મશાસ્ત્રની સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે આ આફ્રિકા દેશમાં વિચરણ કરતા પૂજ્ય સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીના મંડળના સ્વામી ભક્તિપ્રિયદાસજી, સ્વામી નીલકંઠચરણદાસજી આદિ સંતો પધારી આ પારાયણના વક્તાસ્થાને બિરાજી કથાનું રસપાન ભાવભરી શૈલીમાં કરાવી શોભા વધારેલ. સાથે યુવક મંડળનાસંતો તેમજ બીજા બે સંતો એમ કુલ મળીને ૧૭ સંતોનાદર્શન તેમજ અશીર્વચનનો લાભ મળેલ.આ સત્સંગિજીવનની પારાયણ અંતર્ગત પુષ્પડોલોત્સવ, રંગોત્સવ, મહારાજનું ભુજમાં આગમન, કીર્તન નાઈટ, પટ્ટાભિષેક આદી ઉત્સવો લાંબા સમયના કોરોના કાલ બાદ ધામધૂમથી ભક્તિભાવ પૂર્વક ઉજવવામાં આવેલ. આ પ્રસંગે લન્ગાટા, મોમ્બાસા, એલ્ડોરેટ, કિસુમુ, કેરુગોયા આદિ આપણા મંદિરેથી ભક્તો પધારી આ પ્રસંગને શોભાવ્યો હતો. છેલ્લા બંને દિવસે વિવિધ યજનામો દ્વારા પ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવેલ અને યજમાનો તેમજ અન્ય ગણાબધા હરિભક્તો તરફથી પૂર્વ આફ્રિકા મંદિર તેમજ ભુજ મંદિરને ભેટ આપવામાં આવેલ. સમગ્ર પારાયણનું સભાસંચાલન સ્વામી કૃષ્ણસ્વરૂપ દાસજીએ કરેલ. અહેવાલ: મનોજભાઈ મંત્રીશ્રી

## કેરુગોયા મંદિરનો વાર્ષિક પાટોત્સવ

ભુજ શ્રી નરનારાયણદેવના તાબાનું કેન્યા કેરૂગોયા શ્રી સ્વામિનારાયણના ત્રીજા વાર્ષિક પાટોત્સવની ઉજવણી કરવામાં આવી.

પંચાહ્ન પારાયણ પ્રસંગે કથાના આગલા દિવસે વાજીંત્રોના ધ્વનિઓ સાથે સંતોના સથવારે મંદિરના પરિસરમાં પોથીયાત્રા નીકળી હતી. પારાયણના પ્રથમ દિવસે પ્રભાતમાં દેવોના સ્થાપન પૂજન બાદ મંગલાચરણથી કથાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. શ્રીમદ્ સત્સંગિભૂષણનું વાંચન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે સાંજે ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજનો પ્રાગટય મહોત્સવ ઉમદાભેર ઉજવવામાં આવ્યો હતો. કથા દરમ્યાન શાકોત્સવ દબદબાભેર ઉજવવામાં આવ્યો, પાટોત્સવના દિવસે ઠાકોરજી શ્રી હરિકૃષ્ણ મહારાજનો પંચામૃત દ્રવ્યોથી મંત્રોચ્ચારની સાથે સંતો તથા યજમાનશ્રી ભક્તોના વરદ્ હસ્તે અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યાર પછી સિંહાસનમાં બિરાજમાન ભગવદ્ સ્વરૂપોની આગળ અન્નકૂટોત્સવની ઉજવણી આરતી ઉતારીને કરવામાં આવી હતી. શિખરો ઉપર ધ્વજા યજમાનશ્રીઓના વરદ્ હસ્તે લહેરાવવામાં આવી હતી. તેજ દિવસે સાંજે કથા બાદ ભવ્ય રાસોત્સવ કરવામાં આવ્યો હતો. પારાયણની સમાપ્તિના દિવસે નૈરોબી વગેરે મંદિરોમાંથી હરિભક્તો પધાર્યા હતા, પ્રાસંગિક ઉદબોધનો પણ થયાં હતાં, સર્વે ભક્તોને ફૂલહારથી નવાજ્યા હતા.

વ્યાસપીઠ ઉપર શા.સ્વામી નારાયપ્રિય દાસજી તથા સ્વામી સંતદાસજીએ પોતાની શૈલીમાં કથારસપાન કરાવ્યું હતું. કેરૂગોયાના બહેનોએ રસોડાની તમામ સેવા સંભાળી હતી, નવ-યુવાનોએ પીરસવાની સેવા તથા મંદિર શણગારવાની સેવા સ્વીકારી હતી. મંદિરની કાર્યવાહી કમિટીના સભ્યોએ મહેમાનોની આગતા

સ્વાગતાની સેવા સંભાળી હતી.

છેલ્લા વીસ વર્ષથી દેવજીભાઈ નારણ કારાને ઘેર ઠાકોરજી મંદિરના રૂપમાં બિરાજમાન હતા. તે મૂર્તિઓ ભુજના પૂજ્ય મહંત સ્વામી શ્રી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી કેરૂગોયા સ્વામિનારાયણ મંદિરમાં વાજતે ગાજતે લાવીને પધરાવવામાં આવી હતી અને જય જયકાર થયો હતો. અહેવાલઃ પુ.શા. ભક્તિપ્રિયદાસજી

---

## દરેસલામ મંદિરનો ૬૩મો વાર્ષિક પાટોત્સવ

ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણા અને આશીર્વાદ તથા ભુજ મંદિરના વરિષ્ઠ સંતોના માર્ગદર્શનથી શ્રી ટાંઝાનિયા સ્વામિનારાયણ મંદિરનો 63મો પાટોત્સવ તારીખ 28/12/2021 થી 1/1/2022ના રોજ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે તીર્થધામ ભુજથી પધારેલ, પ્રાતઃ સ્મરણીય સંતો. સ્વામી નીલકંઠચરણદાસજી, સ્વામી ધર્મપ્રિયદાસજી, સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, સ્વામી પ્રેમવલ્લભદાસજી, સ્વામી હરિજીવનદાસજી અને સ્વામી કૃષ્ણદાસજીએ કથા-વાર્તાનો લાભ આપ્યો. શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવેલ, જેમાં શ્રી નરનારાયણદેવ પૂજનોત્સવ, શ્રી ઘનશ્યામ પ્રાગટ્યોત્સવ, શ્રી નરનારાયણદેવ પુષ્પદોલોત્સવ, શાકોત્સવ, ષોડશોપચાર અભિષેક, અન્નકૂટોત્સવ, મહાપૂજા, મહાઆરતી, મહારાસોત્સવ વગેરે ઉત્સવો કરીને ઠાકોરજીનો ખૂબ જ રાજીપો પ્રાપ્ત કરેલ.પાટોત્સવ પારાયણમાં શ્રી ઘનશ્યામ વુડ વર્કસ પરિવાર મુખ્ય યજમાન અને પ.ભ. ખીમજીભાઈ કેરાઈ પરિવારે સહ યજમાન પદની સેવાનો લાભ લીધેલ. દારેસલામમાં વસતાં દરેક નાના મોટા હરિભક્તોએ વિવિધ ઉત્સવોના યજમાન - સહ યજમાન પદની સેવાનો હોંશભેર લાભ લીધેલ.

દારેસલામના ખૂણે ખૂણેથી પધારતા સર્વે હરિભક્તો કથામૃતનું રસપાન કરી, દર્શન - પ્રસાદના ધન્યભાગી બન્યા હતા. હરિભક્ત બહેનો- ભાઈઓ સેવા યજ્ઞમાં જોડાઈ પાટોત્સવ યાદગાર બનાવેલ. સમગ્ર પારાયણ-પ્રસંગનું સંચાલન શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી અને મંદિરના મંત્રી શ્રી વિનોદભાઈ લક્ષ્મણભાઈ પિંડોરિયા (સામત્રા) સંભાળ્યું હતું.

---

## શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

- ૨૦૧ – કરસનભાઈ ઝીણા જેસાણી સપરિવાર શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે – બળદીયા
- ૫૦૧ – અરવિંદભાઈ પરબત રાઘવાણી સગાઈ પ્રંસગે – બળદિયા
- ૨૫૧ – હસ્તીબેન વિપુલ હાલાઈ જન્મદિવસ નિમિત્તે – નૈરોબી
- ૨૫૧ – વીરભાઈ માવજી વેકરીયા શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે – નૈરોબી
- ૨૫૧ – રામજીભાઈ વાલજી જેસાણી શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે – બળદીયા
- ૫૦૦ – નારણભાઈ હરજી હાલાઈ નવી ગાડી લીધી તે નિમિત્તે – મેઘપર
- ૫૦૦ – દિવ્યભાઈ વાલજી ભુડિયા શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે – સુરજપર
- ૫૦૧ – અ.નિ.નાનજીભાઈ મનજી વરસાણી હ. પુરબાઈ વરસાણી ધનુર્માસ નિમિત્તે – માનકુવા
- ૧૦૦૦ – ક્રીસભાઈ ભરત મેપાણી બાળકોની પ્રસન્નતાર્થે – સુખપર

## : શ્રીઘનશ્યામ બાળસંદેશ :-

# માનકુવાનાં દેવબાઇ

લેખક :- શા.સ્વામી સંતસ્વરૂપદાસ

બાળમિત્ર ! જયશ્રી સ્વામિનારાયણ, કચ્છ માનકુવાના ધર્મનિષ્ઠ દેવબાઇની આજે વાત સાંભળીશું અને આપણે પણ એમના જીવનમાંથી બોધ લઈ આપણે ભક્તિ અને ધર્મ-નિયમથી ભગવાનને વશ કરવા પ્રયત્ન કરીશું.

કચ્છમાં માનકૂવા નામે એક ગામ છે. પ્રસાદીનું એ ગામ. શ્રીજીમહારાજ વારંવાર ત્યાં પધારતા.

એ ગામમાં સુથાર નાથાભાઇ શ્રીહરિના પાકા સત્સંગી રહે. તેમની દીકરીનું નામ દેવબાઇ હતું. નાનપણમાં જ દેવબાઇના લગ્ન વિથોણ ગામમાં થયાં હતાં. મોટાં થયાં ત્યારે તેના સાસરા પક્ષવાળા દેવબાઇને તેડવા માનકુવા આવેલા, પરંતુ સાસરીયામાં સત્સંગ ન હોવાથી દેવબાઇ સાસરે જવાની ના પાડતાં હતાં. એ સમય ભગવાન સ્વામિનારાયણ કચ્છમાં વિચરણ કરતાં કરતાં માનકુવા પધાર્યા હતા.

નાથાભાઇએ શ્રીહરિ આગળ દેવબાઇની બધી વાત કરી. શ્રીહરિ દેવબાઇના સસરાને પાસે બોલ્યા અને કહ્યું : 'દેવબાઇને તમારે ત્યાં આવવાની ઈચ્છા નથી તેનું કારણ તો તમે જાણો જ છો. અને અમે દેવબાઇને પરાણે તમારે ત્યાં મૂકવા માંગતા નથી. માટે તમે તમારા દીકરાને બીજી કન્યા સાથે પરણાવી દો અને એમાં જે ખર્ચ થશે તે તમને આપી દેશું'

દેવબાઇનું સાસરીયે ન આવવાનું કારણ તેના સસરા જાણતા હતા. પોતાના ઘરમાં મલિન દેવીનું સ્થાન હતું, ડાકલાં વાગતાં, ભૂવા ધૂણતાં, આચાર-વિચારનું સ્થાન નહિ. કયાં નાથાભાઇનું પવિત્ર ઘર અને કયાં પોતાનું મલિનતાથી ખરડાયેલું અપવિત્ર મકાન, છતાં પણ તેણે શ્રીહરિ પાસે આવી વાત કરી, 'હે પ્રભુ! તમે ગમે તેમ કરો, પણ દેવબાઇ અમારું આંગણું શોભાવે એ માટે સમજાવો.' ત્યારે શ્રીહરિએ કહ્યું : 'એમને એમના નિયમ-ધર્મ અને સત્સંગમાં અડચણ ન કરો તો આવે.' દેવબાઇના સસરાએ હા કહી.

એટલે મહારાજે દેવબાઇને બોલાવીને કહ્યું : દીકરી! 'આ તમારા સસરા તમોને લઇ જવા જ માંગે છે. તો બેટા! સાસરે જવાની તૈયારી કરો. ત્યાં તમારો કોઇ વાળ પણ વાંકો નહિ કરે.'

ત્યારે દેવબાઈએ કહ્યું : હે મહારાજ! 'જો તમે મને જાતે સાસરે વળાવવા આવો તો હું જવા તૈયાર છું.'

શ્રીહરિએ પોતાના લાડીલાં બાઇભકત દેવબાઈનું વચન પાળ્યું. શ્રીજીમહારાજે જાણે પોતે દેવબાઇના બાપ હોય તેમ વેવાઇને કહ્યું : 'વેવાઇ! આ દેવબાઇ અમારી દીકરી છે. તેને વળાવવા અમે જાતે આવીશું. તમે ઘેર જાવ, તૈયારી કરો...'

આ સાંભળી દેવબાઇના સસરા ગળગળા થઇ ગયા, આંખો ભીંજાઇ ગઇ. તેમણે મહારાજનાં ચરણોમાં પાઘડી મૂકી વંદન કરી પોતાને ગામ ગયા. પછી શ્રીહરિએ નાથાભાઇને કહ્યું : 'નાથા સુથાર ! દીકરીને વળાવવાની કરો તૈયારી અમે સાથે આવીશું. બીજે દિવસે નાથાસુથારે ગાડું, વેલ જોડયાં મહારાજ માણકીએ અસવાર થયા. માનકુવાથી નીકળી વિથોણ પહોંચ્યા.

શ્રીહરિના આગમનને વધાવવા દેવબાઇના સસરા તેમજ આખું ગામ ભાગોળે ઢોલ-વાજાં લઇને આવ્યા. ચારે બાજુ શ્રીહરિનો જય જયકાર થઇ ગયો. બહેનો કીર્તનો ગાવા લાગ્યાં. વિથોણ ગામમાં શ્રીહરિનું આગમન જાણે આખા ગામને પોતાના દર્શનથી તારવા માટે ન થયું હોય ! આખું ગામ સત્કારવા ભેગું થયું હતું. દેવબાઇના સસરા અતિ ગદ્ ગદ્ થઇ શ્રીહરિને પગે લાગ્યા. દેવબાઇના પતિનો તો હરખ પણ ન સમાયો. પરિવારે સહિત શ્રીહરિનું વિધિસર પૂજન કરીને ઘરમાં પધરાવ્યા... આમ, શ્રીહરિના આગમનથી આખું વિથોણ ગામ જાણે દેવભૂમિ બની ગયું !

આમ, શ્રીહરિએ દેવબાઇને માનપૂર્વક સાસરે વળાવ્યાં અને પોતે ત્યાં પાંચ દિવસ સૌના આગ્રહને વશ થઇને રોકાયા. તે દરમ્યાન સૌને સત્સંગનો રંગ લગાડ્યો. સૌને સદાચારના નિયમો આપ્યા. સત્સંગી કરી દીધા ! સૌને પોતાની મૂર્તિનું સુખ આપી શ્રીહરિ પાછા માનકુવા પધાર્યા.

દેવબાઇનો સંસાર શ્રીહરિની કૃપાથી સફળ થયો. અને વ્યવહારમાં ખૂબ સુખી થયા.

બાળભકતો, દેવબાઇની જેમ જેની ધર્મ-નિયમમાં નિષ્ઠા મજબૂત હોય તેની સહ્યતા ભગવાન આવીને અવશ્ય કરે છે.

# -: જ્ઞાન સરિતા :-

## -: જ્ઞાનમાળા :-

૧. શિક્ષાપત્રીમાં સહજાનંદ સ્વામીએ કયા શ્લોકમાં આશીર્વાદ પાઠવ્યા છે ?
(અ) ૬ (બ) ૧૦૮ (ક) ૯ (ડ) ૧૨૨

૨. કયા છ જણની નિંદ્ય ક્યારેય ન કરવી ?
(અ) મન, બુદ્ધિ, ચિત્ત
(બ) દેવતા, તીર્થ, બ્રાહ્મણ
(ક) પતિવ્રતા, સાધુ, વેદ
(ડ) ભગત, ભજન, ભોજન

૩. એમાંથી કંઇ છ જગ્યાએ મળમૂત્ર કે થૂંકવું નહિ ?
(૧. બાથરુમ (૨. જીર્ણ દેવાલય (૩. નદી-તળાવના આરા (૪. માર્ગ (૫.ગાડી (૬. ફૂલવાડી બગીચા (૭. વાવેલું ખેતર (૮. ઉકેડો
(૯. વૃક્ષની છાયા

૪. કયા છ પ્રકારના મનુષ્યનો સંગ ન કરવો ?
(અ) ચોર, પાપી, વ્યસની
(બ) લુચ્ચો, હરામી,
(ક) ક્રોધી, લોભી, ઈર્ષ્યાળુ
(ડ) પાખંડી, કામી, કીમિયા

૫. શિક્ષાપત્રીમાં સ્નાનથી આરંભીને કેટલા શ્લોક સુધી નિત્ય પૂજાનો વિધિ આવે છે ?
(અ) ૧૦ (બ) ૬ (ક) ૮ (ડ) ૭

૬. કયા છ જણ આવે ત્યારે ઊભા થઈ આદર આપી સન્માન કરવું જોઈએ ?
(અ) સ્ત્રી, પુરુષ, પથિ
(બ) રાજા, અતિવૃદ્ધ, વિદ્વાન્
(ક) ગુરુ, ત્યાગી, તપસ્વી
(ડ) પૈસાવાળો, વ્યાવાહરિક

૭. આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત એ ત્રણવાનાં તે કેટલાંને અનુસરીને કરવાં ?
(અ) દેશ, કાળ, સામર્થ્ય
(બ) દેવ, મંત્ર, વ્યક્તિ
(ક) દ્રવ્ય, જાતિ, અવસ્થા
(ડ) વિવેક, વાણી, વર્તન

૮. સહજાનંદ સ્વામીએ માન્ય કરેલાં આઠ શાસ્ત્રોમાંથી આ દશમાંથી કયાં છ શાસ્ત્રો છે.?
(૧. વેદ (૨. ભાગવત્ (૩. રામાયણ (૪. વ્યાસસૂત્ર (૫. ઉપનિષદ (૬. વિષ્ણુસહસ્રનામ (૭. ગીતા (૮. મહાભારત (૯. વિદુરનીતિ (૧૦. પંચમસ્કંધ, દશમ સ્કંધ

૯. શિક્ષાપત્રીમાં સહજાનંદ સ્વામીએ પૃથક્ પૃથક્ કોના કોના વિશેષ ધર્મમાં કહ્યા છે ?
(૧. આચાર્ય (૨. ગૃહસ્થ
(૩. સુવાસિની (૪. તપસ્વી
(૫. બ્રહ્મચારી (૬. દેવતા
(૭. વિધવા (૮. દૈત્ય (૯. ત્યાગી

૧૦. શિક્ષાપત્રી સહજાનંદ સ્વામીએ કયા દિવસે લખેલી છે ?
(અ) પોષ સુદ ૫ (બ) મહા સુદ ૫
(ક) મહા વદ ૫ (ડ) ફાગણ સુદ ૫

## -: શબ્દ રચના :-

બાલ મિત્રો, નીચેના ખાનામાં કેટલાક શાસ્ત્રોના અક્ષરો વેરવિખેર થયેલાં છે. એ અક્ષરોમાંથી શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે માન્ય કરેલ આઠ શાસ્ત્રોના નામ શોધી કાઢો. પ્રત્યેક અક્ષરોનો ઉપયોગ એક જ વાર કરવાનો છે. ઉદાહરણ તરીકે 'વ્યાસસૂત્ર' શાસ્ત્રનું નામ આપેલું છે.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વે | રા | ષ્ણુ | ચ | વિ | ઘ | વં | મ | ગી | ના | સ | યા | |
| મૃ | ના | જા | દ્ | વ્યા | શિ | સ્ર | ત્સં | ન | ષ | ળ | ક્ષા | |
| સિ | જી | હ | મા | વા | ક | ર | પ | સ | કા | ચ | દ્ | |
| પ | વ | શ્રી | ભૂ | ષ | વિ | ણ | તા | ક્ય | ઘ | વ્ય | રિ | |
| ત | ન | દ | ૯ | મ | દ | ત્રી | ર | વ | મ | લ | શ્રી | ચા |
| દે | ણ | રા | ગુ | ન | મ | ભા | દ | રુ | સ | વુ | જ | |
| ભી | ષ્ય | તિ | ર | ઋ | સ | વ | થ | ક | ધ | ની | ત્ર | |
| ય | દુ | ષ | વ | શિ | ત્રા | વા | દ | ની | ખ | ણ | ચ | |
| હા | રી | ત | સૂ | ર | યો | શા | યુ | ઘ | રા | શ્રી | ષ | |
| ય | તા | હા | ભ | સ્મૃ | સાં | ષિ | ગ | ધ | વ | ર | દ્ | |
| મ | રિ | ચિ | ફ | લ | ગ | મ્ય | સા | સુ | સ્ત્ર | તા | રુ | |
| તિ | ન | ૮ | ભ | ર | શ્રી | પ | ક્ત | ખ્ય | ર | ય | જ્ઞ | |

## શ્રી સ્વામિનારાયણ મંદિરે આજ મારે ઓરડે રે કીર્તન ઉપર પંચાહ્ન પારાયણ યોજાઈ - ભારાપર - માંડવી






## ભંડેરી પરિવાર દ્વારા નાગલપર વાડી વિસ્તાર મધ્યે શ્રી હરિલીલામૃત પંચાહ્ન પારાયણ સંપન્ન - માંડવી






## ભુજ શ્રી નરનારાયણદેવ તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિરનો ત્રીજો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો - કેરુગોયા - કેન્યા







## ભવ્ય શાકોત્સવ સાથે શ્રી ઠાકોરજીની ચાંદીની પાલખી ડૉ. એચ.વી.કેરાઈ પરિવાર દ્વારા અર્પણ કરાઈ-અંજાર



## શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન ઈન્દોર (મધ્યપ્રદેશ) મંદિરનો ૮મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

